

જગતને સુધારવું ભલે સહેલું ન હોય, પણ પોતાના જીવનને સુધારવું, હૃદયને સુધારવું, આત્માને સુધારવો તે તો સહેલું કે નહીં? જીવન સુધર્યું તો જગત સુધર્યું. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.

– ચિત્રભાનુ

# દિવ્યદીપ

## શ્રમનું સંગીત

અમેરિકાના પ્રમુખ શ્રી હૂવરનો પુત્ર કૉલેજના સમય સિવાયના સમયમાં કડિયા કામ કરતો. એ શ્રમનો ચાહક યુવાન એક ઊંચા મકાન પર કામ કરતો હતો ત્યાં પાલખી તૂટતાં ઉપરથી પડ્યો અને મૃત્યુ પામ્યો.

આ કરુણ ઘટના બનતાં હૂવરને આઘાત જરૂર લાગ્યો. હૂવરના પ્રશંસકોએ એમને આશ્વાસન અને સાન્ત્વનના અનેક પત્રો લખ્યા અને તારો કર્યા. એ બધાનો જાહેર ઉત્તર આપતાં હૂવરે ઉચ્ચારેલ શબ્દો કોઈપણ આળસુ પ્રજાને પ્રેરણાદાયી છે.

"મારો પુત્ર મજૂરીનો મહિમા શીખવતો મૃત્યુ પામ્યો તેથી રાષ્ટ્રને તો એકંદરે લાભ જ થયો છે. અમેરિકાનો દરેક યુવાન એના અકાળ મૃત્યુમાંથી સ્વમાન અને સ્વાવલંબનનો પાઠ ભણશે."

જે દેશનો પ્રત્યેક હાથ પોતાના મુખને ખાવા આપવા ઉત્પાદન માટે શ્રમ કરે છે, તે દેશ સમૃદ્ધ ન બને તો બને પણ શું? અમેરિકાની સમૃદ્ધિના મૂળમાં વાતો નહિ, વર્તન છે.

– ચિત્રભાનુ

વર્ષ : ૭
અંક : ૧ - ૨
જુલાઇ - ઓગસ્ટ

# ★ પ્રસંગની ગંભીરતા ★

થોડાં જ સમય પહેલાં ત્રણ બહેનોનાં અંતરમાં આત્માની પ્રીતિ જાગી, વીતરાગના માર્ગે ચાલી નીકળવાની ભાવના ઉદ્‌ભવી અને દીક્ષા લેવાનો એમણે નિર્ણય કર્યો.

દીક્ષાનો દિવસ નજીક આવ્યો, બહેનોના માતપિતા, સ્વજન અને સ્નેહીઓ જ નહિ પણ સકળ સંઘ દીક્ષા મહોત્સવ ઉજવવા ઊમટ્યો. અનેકને આમંત્રણો પાઠવ્યાં, ત્યાં વસતા ખ્રિસ્તી પાદરીઓને પણ નિમંત્રણ મોકલાવ્યું.

વૈશાખ મહિનો હતો, મહાપર્વનું પ્રભાત ઊઘડ્યું, ઘાટકોપરમાં વરઘોડો નીકળ્યો, દીક્ષા મહોત્સવ ઉજવાયો, ત્રણ બહેનોએ વિષય અને વાસના ત્યજીને ત્યાગ અને સાદાઈના માર્ગે પ્રયાણ કર્યું. સહુ છૂટા પડ્યા પણ પાદરીના મનમાં કાંઇક કહેવાની, પોતાના વિચારો વ્યકત કરવાની ભાવના જાગી અને બીજે દિવસે તેમણે પૂ. ગુરુદેવ ચિત્રભાનુનો સંપર્ક સાધ્યો.

નમ્રતાપૂર્વક અને સરળ ભાવે તેઓ બોલ્યા: પ્રભુના માર્ગે પ્રયાણ કરવું એ તો જીવનનો ભવ્ય દિવસ છે, અમૂલ્ય ઘડી છે. પોતાનાં સ્વજનો, સ્નેહીઓ અને સંબંધીઓને ત્યજીને, સુખ અને આરામનો સુંવાળો માર્ગ છોડીને માનવી કષ્ટનો કઠિન માર્ગ કેમ અપનાવે છે? શાંતિમાં આત્માના પરમ પ્રકાશને પામવા.

આવો અદ્‌ભુત દિવસ તો કો'ક વિરલના જીવનમાં જ આવે છે. આવા પવિત્ર દિવસની ઉજવણીમાં જે પરમ શાંતિની ઝાંખી થવી જોઇએ, ઉત્સવની ગંભીરતા અને ભવ્યતાથી બીજાઓને જે પ્રેરણા મળવી જોઇએ તેને બદલે અમે તો માત્ર કોલાહલ, ઘોંઘાટ અને અવ્યવસ્થાજ જોઇ. શાંતિની ચાહના હતી પણ અશાંતિનું પ્રદર્શન હતું. હા, અમારા ધર્મમાં ત્યાગની ભાવના તમારા જેટલી ઉચ્ચ નથી, ઉદાત્ત નથી છતાં શાંતિનું દર્શન જરૂર છે. શાંતિ એ તો અમારી ક્રિયાઓનું મૂળ કેન્દ્ર છે.

શાંતિમાં આદર છે, બહુમાન છે. શાંતિ એ ઉદાત્ત વિચારો કરવા માટેનું ઉત્તમ નિમિત્ત પણ છે. પણ તેને બદલે એટલો બધો ઘોંઘાટ હતો કે ન તો વિધિવિધાન જોવા મળ્યાં, જાણવા મળ્યાં કે સમજવા મળ્યાં. થોડીવાર પછી જ્યારે માતાપિતાની રજા લેવાનો અવસર આવ્યો ત્યારે તેમને બોલાવવા માટે બૂમો મારવી પડી. આગલી હરોળમાં જ્યાં સમાજના અગ્રગણ્ય માનવીઓ બેઠા હતા ત્યાં તેમને સ્થાન પણ નહિ? નવાઇની વાત છે!

જે માબાપે આટલા પ્રેમ અને જતનથી બાળકોને મોટાં કર્યાં, જેમણે પોતાનું સર્વસ્વ એમના ઉપર ન્યોચ્છાવર કર્યું તેમને વિદાય આપવાની ઘડીએ પણ દૂર? નિસ્વાર્થભાવે પાછળ કયાંક ખૂણામાં દબાઈ ગયેલાં જોઈ અમને આશ્ચર્ય ઉત્પન્ન થયું! આ તો એમનો દિવસ હતો. શું એમનું સ્થાન આગળ ન હોય? શું તેઓ આદરણીય નથી?

જ્યારે એક બાજુ ઉછામણી ચાલતી હતી, પૈસાની બોલી થતી હતી ત્યારે ચૂપકીથી વસ્ત્ર પરિવર્તન કરીને આવેલી ત્રણ બહેનો આવીને બેસી ગઈ, ન કોઇએ ઊભા થઈ સન્માન કર્યું કે ન કોઈએ નત મસ્તકે એમને સત્કાર્યાં.

રાણી જેવી રાણી સિંહાસન ઉપર આવે ત્યારે સભા ઊભી થઇ આદરસત્કાર કરે, ત્યારે આ તો આત્માના સામ્રાજ્ય ઉપર રાજ્ય કરવાની હતી. પામીને અનેકને પમાડવાની હતી, દિવ્ય પ્રકાશની અનુભૂતિ કરવાની હતી. એમને માટે ન કોઇએ રસ્તો કરી આપ્યો, ન સભા શાંત થઈ.

અંતમાં પાદરી એટલું જ બોલ્યા: મને તમારા ધર્મની ક્રિયાઓ અંગે કાંઈ કહેવાનો અધિકાર નથી પણ તમારા પ્રત્યે સદ્‌ભાવ હોવાથી, તમારામાં વિચારોની વિશાળતા હોવાથી એક પ્રેક્ષક તરીકે મેં જે જોયું તેનાથી મારું અંતર ખળભળી ઊઠ્યું અને કહી દેવાયું.

આ તો મારા વિચારો છે. વિચારવા લાયક લાગે, યોગ્ય લાગે તો જરૂર સમાજને સૂચવજો. અનેકને પ્રેરણા આપતું જૈન દર્શન આવા મહોત્સવ દ્વારા બીજાને પોતાના પ્રત્યે ખેંચે, આકર્ષે, દૂર તો ન જ કરે!

કુ. વત્સલા અમીન

# ❊ આંતર વૈભવ ❊

નોંધ : પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીએ રોક્ષી થિયેટરમાં (તા. ૨૨-૯-૬૮) આપેલું પ્રવચન

નિમ્નમાંથી ઊર્ધ્વ પ્રતિ પ્રયાણ કરવું, તળેટીથી શિખર પ્રતિ આરોહણ કરવુ એ ધ્યેય છે. વચ્ચે થાક લાગે તો બેસી જવું, થોડીકવાર આરામ પણ કરી લેવો પણ શિખર તરફની દૃષ્ટિ જરાય ખસવા ન દેવી એ સાચા યાત્રીનો કર્તવ્ય ધર્મ બની જાય છે.

આપણે સૌ આ જીવનમાં યાત્રી તરીકે આવ્યા છીએ, આપણું પ્રયાણ ઊર્ધ્વ પ્રતિ છે, માર્ગમાં થાક લાગે ત્યારે બેસી જઈએ, કદીક ખીન્નતા પણ આવી જાય અને ચાલવાનું બંધ પણ કરી દઇએ તેમ છતાં આપણી દૃષ્ટિ જો હરહંમેશા શિખર તરફ ઊંચી અને ઊંચી હોય તો થાક ઉતર્યા પછી, વિસામો ખાધા પછી શિખર તરફનું પ્રયાણ પાછું ચાલુ કરીએ.

ચાલવું છે, શિખરને લક્ષમાં રાખવું છે. જેના લક્ષમાં શિખર હોય અને જે સતત ચાલ્યા કરતો હોય, પોતાના ધ્યેય તરફ પ્રયાણ કરી રહ્યો હોય એ આજ નહિ તો કાલે શિખરે પહોંચ્યા વિના રહેવાનો નથી. ચાલનારો માણસ એક દિવસ પહોંચ્યા વિના રહેતો નથી.

જેની નજરમાં શિખર રમે છે, જેના મનમાં શિખરે પહોંચવાની અભિલાષા અને ઉત્કંઠા છે, તે શાશ્વતનો યાત્રી છે.'

બાકી જે સૂતા છે એ કોઈકવાર જાગીને ધર્મ ક્રિયા કરી લે છે, કોઈકવાર ઉપાશ્રયમાં જઈ આવે છે, કોઈકવાર મંદિરમાં, હવેલીમાં કે મસ્જીદમાં પણ જઈ આવે છે, એ "જઈ આવે છે." જવા માટે જાય છે, ન જવા માટે પણ જાય છે અને જઈને આવવા માટે પણ જાય છે.

સમાજમાં બે પ્રકારના માનવ છે. ઘણા જાગતા દેખાય પણ હોય છે ઊંઘતા. કારણ કે એમની નજરમાં શિખર નથી; જ્યારે ઘણા આરામ કરતા હોય તેમ છતાં જ્ઞાનીને એ ચાલતા દેખાય છે. કારણ કે આરામના સમયમાં પણ એમના મનમાં શિખર જ રમતું હોય છે. શિખરે પહોંચવાની સતત અભિલાષા એ એમનો પ્રાણ હોય છે.

હિમાલયની તળેટીમાં જે વસે છે અને અહીંથી હિમાલયનાં શિખરો ચઢવા માટે જે જાય છે એ બન્નેમાં વિશાળ અંતર છે.

જે હિમાલયની તળેટીમાં વસે છે એમના મનમાં શિખરે પહોંચવાની અભિલાષા કે ઉત્કંઠા નથી, ઉપર જવું નથી એટલે તળેટીમાં વસવા છતાં એમને અને હિમાલયના શિખરને કાંઇ લાગે વળગે નહિ! એ ત્યાં વસે છે કારણ કે ત્યાં જન્મ લીધો છે એટલે દિવસો કાઢી નાખે છે, જિંદગી પૂરી કરે છે.

પણ અહીંથી જે હિમાલયના શિખર ચઢવા જાય છે એના મનમાં તમન્ના છે, ચઢવું છે. એટલે એ તળેટીથી દૂર હોય તેમ છતાં એના મનમાં તમન્ના છે, ચઢવું છે, એટલે એ તળેટીથી દૂર હોય તેમ છતાં એના સ્વપ્નોમાં શિખર રમતું હોય છે, ચઢવું એનું ધ્યેય છે.

એમ કેટલાક માણસો આ દુનિયામાં બેઠા હોય, તમને એમ લાગે કે ખાઇ રહ્યા છે, ફરી રહ્યા છે, મોજ મજાહથી જીવન જીવી રહ્યા છે; એમને અને આત્માને શું લાગે વળગે? પણ એવું નથી. એ બધી જ પ્રવૃત્તિ કરે છે પણ એમના અંતરમાં અભિલાષા છે મુક્તિની, મનમાં સ્વપ્ન છે ઊર્ધ્વનું. પહોંચવા માટેની જ આતુરતા છે. દુન્યવી દૃષ્ટિએ એ સૂતેલો લાગવા છતાં પણ ચેતનાના જગતમાં સતત જાગૃત છે.

પણ જે માત્ર એક પ્રકારના સામાન્યતાના વાતાવરણમાં જન્મેલા છે, કુટુંબ, કુળ, જાતિ અને ઉછેર પ્રમાણે ધર્મ કર્યા કરતા હોય છે એમને પૂછો: "આ બધી ક્રિયાઓ તમે શા માટે કરો છો?" તો કહેશે: "મારા બાપા કરતા હતા એટલે હું પણ કરું છું." પૂછો: "તારા બાપા શું કરવા કરતા હતા." કહેશે: "એમના બાપા કરતા હતા અને મારા બાપા કરતા હતા એટલે હું કરું છું."

ધર્મ શા માટે કરે છે એ ખબર નથી, કોઇ કારણ કે ધ્યેયની સમજણ નથી. બધા કરે છે એટલે કરું છું. આ તો બાપના કૂવામાં ડૂબી મરવા જેવી જ વાત છે ને!

એક ધર્મના વાતાવરણમાં હોવા છતાં ધર્મથી દૂર છે, બીજાના હાથમાં માળા નથી, કપાળમાં તિલક કે ટીલાં ટપકાં નથી, ધર્મની કોઈ બાહ્ય નિશાની પણ નથી છતાં અંતરથી એ જાગૃત છે, એ જાણતો હોય છે કે જીવનના ઊર્ધ્વગામી તત્ત્વો પ્રત્યેનું મારું પ્રયાણ એ જ મારી જીવનયાત્રાનો હેતુ છે.

જેના મનમાં આવી અભિલાષા છે એ જે ક્રિયા કરે છે, rituals પાળે છે એની પાછળ સંસારના પ્રાણીઓને શાંતિ આપવાની, મદદરૂપ બનવાની, ઉચ્ચ અને ઉદાત્ત ભાવના છે. નિસર્ગની વસ્તુઓનો દુર્વ્યય કરવાની જરાય વિચારણા નથી.

મોટો યજ્ઞ ચાલી રહયો હતો, એમાં ઘી હોમાઇ રહ્યું હતું. ત્યાં એક પ્રાજ્ઞ માણસ આવી ચઢયો અને પૂછયું: 'આ શું કરો છો?' 'દેવતાઓને આહવાન કરવા માટે ઘી હોમી રહ્યા છીએ.' પેલાએ હસીને કહ્યું: જે જમાનામાં સાચું ઘી રેડાતું હતું ત્યારે પણ દેવતાઓ નહોતા આવતા તો આ Vegetable mixture વાળા ઘી થી તો કયાંથી આવવાના?

ઘી ન બાળો, અગ્નિમાં એનો ધુમાડો ન કરો અને નૈસર્ગિક વસ્તુનો દુર્વ્યય (waste) ન કરો. આ એક દૃષ્ટિ છે. ગરીબોના મોઢામાં જતી વસ્તુ ઝૂંટવી લેવી, નષ્ટ કરી નાખવી અને નકામી આગમાં હોમી નાખવી એ ધર્મ નથી.

ચેતનાનું ઊર્ધ્વીકરણ એ ધર્મ છે. જીવો પ્રત્યે કરુણા અને પ્રેમથી વર્તવું એ ધર્મ છે. સમાજમાં નિરૂપદ્રવી જીવન જીવવું, ઉપદ્રવનું નિમિત્ત ન બનવું એનું નામ ધર્મ છે. આ ધર્મ જીવનમાં આવવાથી જે આનંદ અને હળવાપણું અનુભવી શકાય છે એ માત્ર 'પેલો કરતો હતો એટલે હું કરું છુ' એમ કહીને કરવાથી નહિ પ્રાપ્ત થાય.

મહાયોગી આનંદઘનને કો'કે પૂછયું: હે પ્રભુ! માણસ જે પૂજા કરે છે એ પૂજાનું ફળ એને પ્રાપ્ત થયું એ અમારે કેવી રીતે જાણવું?

આનંદઘનજીએ કહ્યું:

"ચિત્ત પ્રસન્ને પૂજન ફળ કહ્યું,
પૂજા અખંડિત એહ,
કપટ રહિત થઈ આતમ અર્પણા,
આનંદઘન પદ એહ."

ચિત્તની પ્રસન્નતા.

માણસ બેંકમાં જાય અને પૈસા લઇને બહાર આવે, પગારના દિવસે કલાર્ક એના અધિકારી પાસેથી પગાર લઇને બહાર આવે ત્યારે એના મોઢા ઉપર કેવો આનંદ હોય? કેવી સુરખી દેખાય?

એમ તમે ભગવાનની પાસે જઇને આવો, પૂજા કરીને આવો, પ્રભુનાં દર્શન કરીને આવો ત્યારે તમારું ચિત્ત પુલકિત બની જાય છે, તમારા મોઢા ઉપર ચિત્તની પ્રસન્નતા દેખાય છે. એનો glow, એની સુરખી તમારી આંખ અને તમારા મોઢા ઉપર દેખાય છે.

પૂજા કરી, પણ મગજમાં ક્રોધ છે, મનમ હરીફાઈ છે, મગજમાં મોકળાશ નથી તો તરે પૂજા કરી જ નથી.

'ચિત્ત પ્રસન્નતા' એ પૂજાનું પ્રથમ પરિણામ છે. તમે બહાર નીકળો અને લોકોને લાગે કે આ કાંઇક લઇને આવ્યો લાગે છે! અંદર જઇને આવ્યો લાગે છે.

ઘણીવાર શ્યામ અને કદરૂપા મોઢા ઉપર પણ આ સુરખી આવે છે અને એ મનગમતાં લાગે છે. જ્યારે ધોળા અને સુડોલ મોઢાં દુઃખથી, વિષાદથી, ક્રોધથી કે અંદરની ઇર્ષ્યાથી બળતાં હોય છે ત્યારે અણગમતાં લાગે.

પ્રસન્નતા સુંદરતાનું શિખર છે.

પૂજાના બે પ્રકાર છે. એક ખંડ ખંડ થાય, કટકા કટકા થાય, એમાં કોઇ સાથે એકબીજાનું જોડાણ ન હોય. બીજી અખંડ પૂજા છે, જૂદા પડ્યા છે એને જોડવાનું કામ કરે છે, વિખૂટા પડ્યા છે એને મેળવી આપવાનું કામ કરે છે.

પૂજા કરીને ભગવાનથી જૂદા નથી પડવાનું, પણ ભગવાનની સાથે જોડાઇ જવાનું છે. આજે બધા ખંડ છીએ, આ ખંડમાંથી અખંડ બનવા માટે જ પૂજા કરવાની છે.

પૂજા કરતાં કરતાં એકતાનો અનુભવ કરવાનો છે. મારામાં પરમાત્મા છે અને હું પરમાત્મામાં છું. આખું વિશ્વ મારામાં છે અને હું વિશ્વમાં સમાયેલો છું. I am the Universe and the Universe is in me.

ખાંડમાં દૂધ અને દૂધમાં ખાંડ મળી જાય છે ત્યારે જ મીઠાશ આવે છે પણ દૂધમાં સાકર એમની એમ જ પડી રહે તો દૂધ મીઠું નથી બનતું. સાકરને ઓગળી જવું પડે છે, ન ઓગળે તો નાનું બાળક પણ દૂધમાં પડેલા સાકરના ગાંગડાને કૂટીકૂટીને ગાળી નાખે છે.

એમ આ 'અહમ્', આ 'હું', આ 'I' જ્યાં સુધી વિશ્વરૂપ દૂધમાં ઓગળે નહિ, ત્યાં સુધી મીઠાશ નહિ આવે.

આખું વિશ્વ મારામાં છે, અને હું વિશ્વમાં વસેલો છું. આ જ અખંડ પૂજા છે.

જે ચિત્તની પ્રસન્નતા થાય, પૂજા કર્યા પછી જે પૂજા કર્યા પછી અખંડનો અનુભવ થાય અને કપટનો પટ વચ્ચેથી નીકળી જાય તે જ અર્પણમાં સમર્પિત થાય છે.

જેમ સોનામાં રહેલી અશુદ્ધિ બળી જાય છે એમ મનના પૂર્વગ્રહો ઓગળી જાય છે, તૂટી જાય છે, અને મન flexible બની જાય છે.

માણસ બહુ જિદ્દી rigid છે, પૂછડું પકડ્યું હોય તે છોડે જ નહિ. કોઈ વાત કહેવાની શરૂ કરે ત્યાં પોતાના અહંનો અભિપ્રાય વચ્ચે મૂકયા વિના રહે નહિ.

થોડીકવાર તો એવો સમય કાઢો કે તમે તમારા પૂર્વગ્રહોને છોડી નાખો, flexible કોમળ બની જાઓ અને માત્ર સાંભળો. બીજું બધું છોડી માત્ર સાંભળવું. એકાગ્ર બનીને સાંભળશો તો એ વિચારો તમારી અંદર ઊતરશે.

તમે સાંભળતા જ નથી. શું તમને લાગે છે કે હું બોલું છું તે તમે સાંભળો છો? ના. તમે નથી સાંભળતા. હું જે કાંઈ કહેતો જાઉં છું એની સામે તમે બીજો વિચાર તરત ઊભો કરતા જ જાઓ છો. કારણ કે તમારા મનમાં જૂદી જૂદી દીવાલો પડી છે. પછી એ ધર્મની હોય, સંપ્રદાયોની હોય, સંસ્કારોની હોય કે જાતિની હોય. એક વિચાર મેં મૂકયો એટલે તરત એની સામે તમે બીજો વિચાર પ્રતિક્રિયા રૂપે reaction રૂપે કરવાના જ.

"ચિત્રભાનુ આમ કહે છે પણ મેં કયાંક જુદું સાંભળેલું છે, મારા બાપા બીજું જ કહેતા હતા." બાપાનું કહેલું જ માનતા આવતા હો તો મને સાંભળવા શું કરવા આવો છો? ઘરે બેઠા એને જ યાદ કર્યા કરો ને? કે તમે

ઇચ્છો છો કે એનું જ પુનરાવર્તન હું તમારી સમક્ષ કરું ? માટે જ તમે સાંભળો છો પણ નથી સાંભળતા, અંદર જવા દેતા જ નથી. 'ભાઇ કહેતા હતા, બાપા કહેતા હતા, સંપ્રદાય કહેતો હતો,' એમ કહી કહીને એટલી બધી દીવાલો મગજમાં ભરીને બેઠા છો કે હું કહેતો જાઉં છું અને તમે એની સામે બારણાં અટકાવતા જ જાઓ છો.

અંદર જાય નહિ. અંદર જાય તો જ પલટો આવે.

પહેલાં સાંભળતા શીખો. આ બહુ મુશ્કેલ વાત છે. એટલા માટે જ અમુક ઉંમર થયા પછી માણસ સાંભળવાનું બંધ કરી દે છે, બોલવાનું શરૂ કરી દે છે.

આ નાનાં બાળકો સાંભળે છે. તમે કહો એટલે સાંભળે, પછી પૂછે કે આમ કેમ ? પછી તમે જવાબ આપો એટલે કહે, બરાબર. એ સાંભળે છે, accept કરે છે ત્યારે તમે સાંભળીને reject કરો છો.

તમે કહો : 'સાંભળી લીધું, એમાં શું નવું છે ? એમના પહેલાના વકતાઓ પણ આવું જ કંઈક કહેતા હતા.' બહાર નીકળીને શું કહેશો ? 'એ તો પાટ ઉપરથી બધું કહે, પણ એ કહે એમ કરીએ તો જીવાય ખરું ? અમારા પ્રાંતોનો પ્રશ્ન છે, સંપ્રદાયોનો પ્રશ્ન છે, જે સ્થળમાં જન્મેલા છીએ તે સ્થળનો પણ પ્રશ્ન છે, રૂઢિનો પ્રશ્ન છે, નાતનો પ્રશ્ન છે, કેટલાં ય પ્રશ્નો છે; એ બધા પતાવ્યા વિના કેમ ચાલે ? ઠીક છે, મહારાજ આવ્યા છે તો સાંભળવા જઈએ, સાંભળવામાં શું જાય ?'

સાચું જ છે, સાંભળવામાં શું જાય ? દુર્ગુણ તો આચરવાથી જાય. એટલે તમે સાંભળો પણ reject અસ્વીકાર કરીને સાંભળો છો ત્યારે બાળકો સાંભળે છે accept સ્વીકારીને સાંભળે છે.

શ્રવણ કરવાની પણ કળા છે. પહેલાં તો તમે સાંભળો જ. સાંભળ્યા પછી જેમ બાળક પ્રશ્ન પૂછે છે એમ તમે પ્રશ્ન પૂછો. થોડીકવાર માટે તમારી ઉંમરને ભૂલી જાઓ; વર્ષોને ભૂલી જાઓ; હું ઘરડો છું, હું બુઢ્ઢો છું એ પણ ભૂલી જાઓ. એમ નહિ કહો કે મેં ઘણી દિવાળીઓ જોઇ છે !

મને યાદ આવે છે. એકવાર હું ગોડીજીમાં પ્રવચન આપતો હતો. પ્રવચન પછી એક વયોવૃદ્ધ ભાઇ મારી પાસે આવ્યા. 'મહારાજ ! તમે જાણો છો ખરા કે તમારા ગુરુનાં વ્યાખ્યાન મેં સાંભળેલાં છે. મેં કહ્યું: બહુ સારી વાત. ભાઇએ આગળ વધીને કહ્યું : 'એમ જ નહિ પણ મેં તો એમનાં ગુરુનાં વ્યાખ્યાન પણ સાંભળેલાં છે. મેં તો એટલું બધું સાંભળ્યું છે કે મને હવે સાંભળવા જેવું નવું કાંઇ લાગતું નથી. આ તો હું ઘરડો થયો, નવરો પડ્યો એટલે થયું કે લાવ, બે ઘડી મહારાજ પાસે બેસી આવું, એટલે આવીને બેઠો છું.' મને થયું, એમણે હવે જ્ઞાનનાં દ્વાર જ બંધ કર્યાં છે.

પછી મને કહે: મહારાજ ! તમને ખબર નહિ હોય કે મેં કેટલી દિવાળીઓ જોઈ છે. દિવાળીની વાત આવી એટલે મને મુંબઇના ઈલેકિટ્રકના થાંભલાઓ યાદ આવ્યા. એમણે પણ ઘણી દિવાળીઓ જોઈ છે.

પણ દિવાળી જોઇ લીધી એટલે પ્રજ્ઞા આવી ગઇ એમ માનવાનું કોઈ કારણ નથી. દિવાળી અને પ્રજ્ઞા વચ્ચે કાર્ય કારણનો નિયમ નથી.

બાળકોમાં જે જિજ્ઞાસા છે, accept કરવાની કળા છે અને આતુરતાથી પૂછવાની રીત છે એ સહજ છે. એ તમને ખોટા પાડવા નથી પૂછતા, ઉતારી પાડવા ય નથી પૂછતા અને કાંઇક આવડે છે એ બતાડવા પણ નથી પૂછતા; પણ એ પૂછે છે કારણ કે એમને સમજવું છે.

બાળકોને જ્યારે પ્રશ્ન પૂછતાં જોઉં છું ત્યારે થાય કે થોડીકવાર માટે પણ આ બધા આવા બની જાય તો કેવું સારું !

તમારી પ્રશ્ન પૂછવાની રીત જુદી છે. તમે તો નક્કી કરીને જ આવો છો કે હું જે પ્રશ્ન પૂછું તેનો ઉત્તર આ જ આવવો જોઇએ, અને એવો ઉત્તર મળે તો મહારાજ સાચા નહિતર ખોટા અને નકામા.

તમે પૂછો, ભાગ્યયોગે હું તમારા પ્રશ્નનો અનુકૂળ ઉત્તર આપી દઉં તો તમે બહાર જઇને કહો: 'નહિ, મહારાજ વિદ્વાન છે. મારી ધારણા પ્રમાણે બરાબર ઉત્તર આપ્યો.' પણ જો તમારા ગોખી રાખેલા ઉત્તરથી વિરુદ્ધ આપી દઉં તો તમે તરત જ બહાર જઇ કહેવાના: 'આપણને અને એમને મેળ ખાય એમ નથી. એમના વિચારો જુદા છે. અને એ વિચારો આપણને કોઇ રીતે બંધ બેસે એમ નથી.'

એટલે તમે પ્રશ્ન પૂછવા ગયા જ નહોતા, તમે તો તમારા પ્રશ્નનો ઉત્તર સરખાવવા, મેળવવા, tally કરવા ગયા હતા. 'હું જે પહેલેથી માનું છું, એ જ આ બોલે છે કે નહિ!'

જાણવાની, સમજવાની, ગ્રહણ કરવાની કે accept કરવાની તમારી અંદરની માનસિક તૈયારી જ નથી. અને આ તૈયારી ન હોવાને કારણે જ આટલા બધા ઝઘડા છે.

આ વિચાર માત્ર કહેવા માટે નથી પણ જીવનમાં અનુભવવા માટે છે, જીવન એવું બનાવવા માટે છે.

બાળકના જેવું મન બનાવો, બાળકની જેમ ગ્રહણ કરવાની, વસ્તુને સમજવાની અને પચાવી લેવાની આતુરતા બતાવો. આ આતુરતા જેમ જેમ વધતી જશે તેમ તેમ તમારી પ્રજ્ઞા (Wisdom) વધતી જશે. ચેતના પ્રોજ્જવળ થશે.

જીવનને પૂર્ણ બનાવવા પ્રેમ (love), પ્રજ્ઞા (wisdom) અને ઇચ્છાશકિત (will)ને વિકસાવવા પડશે.

પ્રજ્ઞા શું ચીજ છે, પ્રજ્ઞા એ બહારથી આવે છે કે અંદરથી વિકાસ પામે છે, પ્રથમ એનો વિચાર કરીએ.

લોકો માને છે કે વ્યાખ્યાન સાંભળવાથી, ચોપડીઓ વાંચવાથી આપણે પ્રજ્ઞા લઈ આવીએ. એમ નથી. પ્રજ્ઞા આવતી નથી, પ્રજ્ઞા અંદર છે. આત્મા જ્ઞાનમય છે, એ પૂર્ણ જ્ઞાનનો સ્વામી છે.

ત્યારે આ પ્રવચનનું શ્રવણ, વાંચન, મહાપુરુષોના વિચારોનું ચિંતન, સુવાકયોનું મનન આ બધું શું છે? તમારી અંદર જે વસ્તુ રહેલી છે, જે પ્રજ્ઞા છે એની ઉપર તાળું છે, એ તાળાને જ ખોલવાની આ બધી ચાવીઓ છે. વસ્તુ તો તમારી પાસે છે. ચાવીઓ વસ્તુ નથી અને વસ્તુઓ ચાવી નથી.

તમારે આ હૅાલમાં આવવું હોય અને બહાર તાળું હોય તો પટાવાળા પાસે ચાવી માગવી પડે છે ને? તાળું ખોલીને જ અંદર પ્રવેશ કરી શકો છો ને? પણ તમે તો ચાવી લઇને ફર્યા કરો છો, અંદર તો જાઓ જ નહિ. જો બહાર ફર્યા કરશો તો અંદરની શીતળતા અને વિશ્રામની શાન્તિ ક્યાંથી મળશે?

તમે મહાપુરુષોનાં વચનો, પ્રવચનો સાંભળી ફર્યા જ કરો, અંદર જવા કોઈ કહે તો કહો ના, મારી પાસે શાસ્ત્રોની ચાવીઓ છે, પછી શું વાંધો છે? તો અંદરનો પ્રકાશ મળશે ખરો?

ઘણા સવારના ઊઠીને ઊંચા સાદે અધ્યાય વાંચી લે, સુવાકયો અને પાઠો કંઠસ્થ કરી લે, પણ જ્યારે જરૂર પડે ત્યારે એક પણ ન હોય. ચાવી તાળામાં ફેરવે જ નહિ.

ખાવાનું કોઠારમાં ભર્યું છે, કોઠારની

ચાવીઓ તમને આપી છે પણ તમે ચાવી લઈને ફર્યા કરશો તો ભૂખ નહિ મટે. ભૂખ ટાળવા તો કોઠાર ખોલવો પડે. તમે માત્ર શ્લોકો જ રટી જાઓ, પોપટની જેમ બોલી જાઓ પણ એના ઊંડાણુમાં ન ઉતરો તો પ્રજ્ઞાનો વિચાર ક્યાંથી થાય? પ્રજ્ઞાનો વિસ્તાર કરવા માટે અંદર ડૂબકી મારવી પડે છે.

જેમ જેમ અંદર જાઓ છો તેમ તેમ તમને પ્રજ્ઞાનો પ્રકાશ મળતો જાય છે. અંદર ખંડ અનેક છે અને દરેક ખંડ ઉપર તાળાં છે. ખંડ એક જ હોત તો તરત ઊઘડી જાત પણ અનંત ખંડ પડ્યા છે. દરેક ખંડનાં ઝીણા તાળાં છે, અને એ તાળાની સૂક્ષ્મ ચાવીઓ છે. આ ખંડોને ઉઘાડવા ઉપયોગ વિના નહિ ચાલે.

ક્રોધ, અહંકાર, અહમ્ આસક્તિ, પૂર્વગ્રહ- આ બધાંય તાળાં છે. આ બધાં તાળાં ઉઘડી જાય અને અંદર પ્રવેશ મેળવી શકો તો જણાય કે પરમ જ્ઞાનનો પ્રકાશ કેવો છે! ચિંતકો પાસેથી સમજીને તમારે જ રોજ પ્રયત્ન કરવાનો છે.

દ્રોણાચાર્યે દુનિયાની વિદ્યા શિખવાડ્યા પછી છાત્રોને આત્માની વિદ્યા શિખવાડવાની શરુઆત કરી. પાંડવોને કહ્યું: હું તમને આત્મા માટેનો, જીવન માટેનો પાઠ આપું છું.

क्रोधम् मा कुरु, क्षमाम् कुरु ।

ક્રોધ કરીશ નહિ, અને ક્ષમા કરજે. આ વાક્ય આપી દીધું અને બધા વિદ્યાર્થીઓ ગોખવા લાગ્યા. અર્જુન આવ્યો અને કહ્યું: વાક્ય મને આવડી ગયું. ભીમ ઉતાવળિયો હતો, કહે કે આ વાક્ય બહુ ટૂંકું છે, હું તો ગોખી ગયો. બધા આ શ્લોક બોલી ઊઠયા.

પણ યુધિષ્ઠિર સ્થિર હતો. એ ન ઊઠયા. દ્રોણે પૂછ્યું: 'ભાઇ! તને આવડ્યું?' સાંજ નમવા આવી. પણ યુધિષ્ઠિરે માથું ધૂણાવ્યું. હવે દ્રોણને ગુસ્સો આવ્યો એટલે ઉપાડીને એક તમાચો યુધિષ્ઠિરને માર્યો, 'આટલી વાર થઇ અને આવડતું નથી? તારું મન ક્યાં ભટકે છે?' બધા હસી પડ્યા.

યુધિષ્ઠિર શાંત રહ્યા, બે ઘડી પછી બોલ્યા: 'ગુરુજી! આવડી ગયું.' ઉતાવળિયો ભીમ કહેવા લાગ્યો: 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ધમધમ.' ત્યાં દ્રોણે કહ્યું: ભીમ, ઉતાવળ ના કર. યુધિષ્ઠિરનું શું કહેવું છે તે જરા જાણવા દે. યુધિષ્ઠિરને અત્યાર સુધી જે ન આવડ્યું તે નમતી સાંજે, હમણાં જ કેમ આવડી ગયું?'

યુધિષ્ઠિર બોલ્યા: ગુરુજી, તમે તો મને ચાવી આપી દીધી હતી પણ એ ચાવીથી તાળું ખૂલતું હતું કે નહિ તેનો હું અખતરો કરતો હતો.

ક્રોધ કરીશ નહિ અને ક્ષમા કરજે. પણ જો ક્રોધ કરવાનો અવસર જ ન આવે તો કેમ જાણવું કે ક્રોધ મેં નથી કર્યો! આપે મને તમાચો માર્યો ત્યારે આંખો લાલ થવાનો, અંદરથી વૃત્તિઓ ઊછળીને બહાર આવવાનો, ક્રોધી થવાનો સંભવ હતો; પણ મને ક્રોધ ન આવ્યો. ત્યારે મને લાગ્યું કે આપે શિખવ્યું તે મેં આચર્યું. મેં ક્રોધ કર્યો નથી, મને ક્રોધ આવ્યો પણ નથી.

મને તો લાગ્યું કે ગુરુજીએ મને જે તમાચો લગાવ્યો એ મારા હિત માટે, શ્રેય માટે અને જ્ઞાન આપવા માટે હતો. આથી તો આપના પ્રત્યે મને અતિ આદર થયો, મને પ્રેમ પણ જાગ્યો. મને થઈ ગયું કે આવા ગુરુ કોણ હોય જે પોતાના હાથથી તમાચો મારીને, કડવા થઈને પણ શિષ્યને ભણાવે. કડવા થયા વિના ભણાવી શકાતું નથી. આપના પ્રત્યેનો મારો પૂજ્ય ભાવ વધી ગયો.

ક્ષમા તો વળી આગળનું પગથિયું છે. કોઇ તમારી મશ્કરી કરે અને એમાં પણ તમે સાચા હો અને મશ્કરી કરે ત્યારે તમને એકદમ લાગી

આવે. તમને કોઇ કહેવા જાય તો તમે ચોખ્ખું કહી દો છો કે હું ખોટો હોત અને કોઈ કહેત તો માની લેત પણ હું સાચો હોવા છતાં પણ જ્યારે તું મને કહે છે ત્યારે મારાથી સહન થતું નથી.

યુધિષ્ઠિર સાચા હતા, તેમ છતાં બધા હસી પડ્યા, મશ્કરી કરવા લાગ્યા. આવે વખતે માણસને આવેશ આવવાનો પૂરેપૂરો સંભવ છે અને સામી વ્યક્તિ પ્રત્યે તિરસ્કાર પણ જાગે કે આ કેવા જંગલી માણસો છે!

યુધિષ્ઠિરે કહ્યું : "મારામાં ક્ષમાનો ઉદય થયો. મને એમ જ થયું કે આ લોકો નથી સમજતા તો હું તો સમજું છું ને! જો એ નથી સમજતા અને સાથે હું પણ ન સમજું તો એનામાં અને મારામાં ફેર શું? નથી સમજતા એમને સમજાવવું એ સમજેલાનું કામ છે.

અને આ જ તો જીવનનો મોટામાં મોટો અને વિચારવા લાયક પ્રશ્ન છે. તમે અણુસમજુની સાથે અણુસમજુ બની જાઓ છો. અને તમે બીજાની જેમ કરવા જતાં જીવનમાં બે ડગલા પાછા જાઓ છો.

પણ જે સમજુ છે એ બીજાની જેમ નથી આચરતો. એ તો વિચાર કરે છે અને વિચાર કરવાનો જે થોડો અવકાશ મળવો, આમાં જ સમજ પડેલી છે. તમારી કોઇ વૃત્તિ જાગી જાય, અંદરથી ઊછળી આવે ત્યારે તરત એને અમલમાં action માં ન મૂકો. થોડીકવાર એને અંદર ઠરવા દો, વિચાર કરવાનો buffer state વચ્ચગાળો આપો. એની વચ્ચે થોડીક જગ્યા રહેવા દો જેથી તમારો વિચાર એકદમ અમલમાં મૂકાવીને તમારી પાસેથી ન કરાવવાનું કરાવી ન બેસે.

'ગુરુજી! આ બે પ્રશ્નો હતા. ક્રોધ ન કરવો અને ક્ષમા કરવી. આ બે ચાવી તો આપી પણ તાળાં ઊઘડ્યાં કે નહિ એ જોવા માટે, જાણવા માટે મને વાર લાગી. હવે મને આવડી ગયું છે.'

સૂત્ર આવડ્યું કેમ કહેવાય? અધ્યયન કર્યું કેમ કહેવાય? સુભાષિતો કંઠસ્થ થયાં કેમ કહેવાય? જ્યારે એનો પ્રયોગ તમારાં જીવનમાં થાય, જીવનની પ્રયોગશાળામાં બરાબર પ્રયત્ન કરી સિદ્ધ થાય.

જ્યારે તમે પ્રયોગ કરો છો અને એ પ્રયોગ બરાબર સિદ્ધ થાય છે ત્યારે જ તમે કહો છો કે એની formula સાચી. પણ જો પ્રયોગ સિદ્ધ ન થાય તો તમારે શોધી કાઢવું જોઇએ કે ભૂલ કયાં છે? ખામી કયાં છે? 'કાં formulaમાં છે, કાં કરનારમાં છે, કાં સમજાવનારમાં છે.'

એક સુખી ધનવાને જિંદગીના ઘણા વર્ષો વ્યાપાર કરવામાં અને ફેક્ટરીઓ વધારવામાં વાપરી નાખ્યાં. જિંદગીના છેલ્લા વર્ષોમાં એના જીવનમાં frustration આવ્યું, નિરાશા આવી, થાક લાગ્યો, કામ ઉપર કંટાળો આવવા લાગ્યો, બેચેની વધવા લાગી. રાતનાં સ્વપ્નાં ખરાબ આવતાં એણે ઊંઘની ગોળીઓ લેવાની શરૂ કરી. એક દિવસ એણે એની પત્નીને વાત કરી. પત્ની સિવાય અંદરની વાત કોને કહી શકાય? ન મેનેજરને કહી શકાય, ન બીજા વેપારીને કહી શકાય. અને દુનિયાની નજરે તો એ મોટા status વાળો માણસ હતો.

પત્ની એને એક એમના નિસ્વાર્થ મિત્ર પાસે લઈ ગઇ. બધી વાત કરી, પરિસ્થિતિ સમજાવી અને કહ્યું કે મને હવે ચેન પડતું નથી. વિચારક મિત્ર, ધનવાનની પરિસ્થિતિ સારી રીતે જાણતો હતો, એની સમૃદ્ધિ, એનાં અનેક વાહનો, એને પરેશાન કરનારા અનેક માણસો. એને ખાવાનો, પીવાનો કે બેસવાનો પણ સમય નહોતો મળતો.

વિચારકે કહ્યું : મારી દવા જરા આકરી છે, એની પરેજી તમારે પાળવી પડશે. ધનવાન મિત્ર તો તૈયાર જ હતો. વિચારકે કહ્યું : તારે ચોવીસ કલાક માટે આ મકાન, આ કુટુંબ, આ મિત્રમંડળ અને આ ધંધો બધું જ છોડી દેવું પડશે. એ ચોવીસ કલાક તારે દરિયા કિનારે ગાળવા પડશે.

ધનાઢ્ય મિત્ર તો ચોંકી ઊઠયો. પણ મારો ધંધો ? મારી જવાબદારીઓ ? વિચારક મક્કમ હતો. 'સમજી લો, કે રવિવાર છે. હા, પણ સાથે રેડિયો નથી લઇ જવાનો, નજીકમાં કોઇ ઠેકાણે ટેલિફોનની સગવડ પણ ન હોવી જોઇએ અને ખિસ્સામાં હિસાબના કાગળિયાં કે કંપનીના એકાઉન્ટનું ટૂંકમાં ઉતારેલું બજેટ કે સરવૈયું પણ નહિ. કપડામાં આ ટાઇ નહિ, આ સૂટ નહિ. માત્ર મોકળાશ freedom અનુભવી શકો એવાં ઢીલાં કપડાંની બે જોડ લેતા જજો. બસ, બીજું કાંઇ નહિ. અને હું તમને ચાર પડીકાં આપું છું એ દરિયા કિનારે જઇને ત્રણ ત્રણ કલાકના અંતરે લેવાનાં.

ધનાઢ્ય મિત્રને વિચારકમાં ખૂબ શ્રદ્ધા. દરિયા કિનારે ગયા, નજીકમાં એક બગીચો હતો, લોકોની ખાસ વસતી નહોતી. ગાડીમાંથી ઊતર્યો અને સુંવાળી રેતીમાં ખૂબ ચાલ્યો.

પ્રભાતનો સમય છે, યુરોપનો પ્રદેશ છે, સુંદર ઠંડી હવા આવી રહી છે અને બાળસૂર્ય હમણાં જ બહાર નીકળ્યો છે. નાની બેગ ખોલી એમાંથી એક નંબરનું પડીકું કાઢયું, અને થરમોસમાંથી પાણી કાઢયું. જેવું પડીકું ખોલ્યું તો અંદર દવા મળે જ નહિ. માત્ર એક શબ્દ જ લખેલો હતો. Listen carefully એકાગ્રતાથી સાંભળ, એક ચિત્તે સાંભળ.

પણ સાંભળવું શું ? રેડિયો લાવવા દીધો નથી, અહીં બોલવા માટે, વાતો સંભળાવવા માટે કોઇ બેઠું નથી, ઘરાક નથી, મિત્ર નથી, પત્ની નથી. કોઇ નથી તો સાંભળું કોને ? શાને ?

એ તો બેઠો રહ્યો, વિચાર કરતો રહ્યો: શું હું બહેરો છું ? શું હું આજ સુધી સાંભળતો નહોતો ? પણ હવે એ વિચાર કરવા લાગ્યો. 'સાંભળવું જોઇએ.' કાંઇક એવું મારી આસપાસ છે જે હું સાંભળતો નથી.

ધીમે ધીમે દરિયાના મોજાં આવતાં હતાં અને એ મોજાંઓના તરંગોને ripplesને લીધે, એ મધુર ધ્વનિ સર્જતાં હતાં. હવે એને આ મધુર સંગીત સંભળાવવા લાગ્યું. થોડીકવાર થઈ અને દૂરના બગીચામાંથી પંખીઓનો કલરવ સંભળાયો અને દરિયાના કિનારે દૂર દૂર રેતીમાં રમતાં બે ત્રણ નાનાં બાળકોનો કિલકિલાટ પણ સંભળાયો.

એને તરત થયું 'પ્રકૃતિના મૌનમાં કેટલું બધું સાંભળવા જેવું છે.' એને વિચાર આવ્યો : હું આવ્યો ત્યારે ન મેં દરિયાનાં મોજાં સાંભળ્યા, ન પંખીનો કલરવ સંભળાયો, ન બચ્ચાઓનું નિર્દોષ હાસ્ય સંભળાયું.

આ નાનાં બચ્ચાંઓ રેતીના ઘર બનાવી બનાવીને કેટલો બધો આનંદ મેળવી રહ્યાં છે. અને આ બધાથી હું કેમ અજાણ હતો ? અત્યાર સુધી મેં નહોતું સાંભળ્યું તે આજે કેમ સંભળાય છે ?

તમે અવાજોની દુનિયાથી એવા ટેવાઇ ગયા છો કે બીજા અવાજો તમે સાંભળી શકતા નથી. જ્યાં બહારનો અવાજ ખૂબ થતો હોય ત્યાં અંદરનો અવાજ કયાંથી સંભળાય ?

વિચાર કરતાં કરતાં દોઢ કલાક થયો. થરમોસમાંથી ચહા કાઢી અને પીધી. વિચાર કરવા લાગ્યો કે સાંભળવા જેવું છે.

પ્રકૃતિમાં મન શાંત થયું, પ્રકૃતિમાં વિચારો શાંત થયા અને બહારની ધમાલ બંધ થતાં અંદર શાંતિ જામતી ગઇ. એટલે અંદરથી એક ઝીણો અવાજ આવ્યો : હું કોણ છું? હું અહીં શા માટે આવ્યો છું?

આર્થર એ તો લોકોએ દીધેલું નામ છે અને આ નામ કયાં સુધી રહેવાનું છે? હમણાં અહીં કોઇ આવે અને પૂછે કે તમે કોણ છો? તો મારે મારું નામ આપવું પડે. જો હું એમ કહું કે 'હું માણસ છું' તો એ શુ કહેશે? 'હું જાણું છું કે તમે માણસ છો, તમે કાંઇ ઢોર નથી. એટલે પછી કહેવું પડે કે હું આર્થર છું, એ મારું નામ છે, અમુક ગામથી હું આવું છું.

'આવનાર માણસ મને માણસ તરીકે નહિ, પણ નામ તરીકે ઓળખે છે.'

'મારી ઓળખ મારે આપવી પડે છે. એનો અર્થ એ જ છે કે મારું પોતાનું કોઇ અસ્તિત્વ જ નથી. બીજાએ દીધેલા નામમાંથી મારી ઓળખ થાય છે.'

આ સૂક્ષ્મ વિચાર છે.

માણસની ઓળખાણ એ મારી પોતાની ઓળખાણ છે અને એ માણસ હું જ છું, આર્થર ગોર્ડન હું છું. નામ આપવું પડે છે.

જે ઉછીનું લીધું છે, acquired છે એની ઓળખ આપવી પડે છે, જે છે તેની ઓળખ આપવી નથી પડતી.

આર્થર મારું નામ છે એ ઓળખ આપવા માટે છે, લીધેલું નામ છે અને આ નામ માટે જ હું ચોવીસે કલાક મરી રહ્યો છું.

આ વિચાર જાગતાં જ આર્થરના મનમાં થઈ ગયું કે આજ સુધી હું જે કામ કરી રહ્યો છું. એ મારા નામ માટે, આ દીધેલા નામ માટે, લોકોએ આપેલા નામ માટે કરી રહ્યો છું.

આ નામ ખાતર દુનિયામાં ન કરવાનાં કામ કરું છું. એને માટે હું કેટલું સાચું જૂઠું કરું છું. આ નામને ઊંચું લાવવા માટે હું કેટલું જૂઠું બોલું છું, આ નામને અમર બનાવવા માટે મેં કેટલાં કાવત્રાં કર્યાં, આ નામને દુનિયા જાણે અને લોકોની નજરમાં-lime lightમાં આવી શકે એ માટે આજે પણ મારા જીવનમાં કેવા પ્રયત્નો અને પેરવીઓ (કાવત્રાં) ચાલી રહ્યાં છે.

Listen carefully – આર્થર સાંભળી જ રહ્યો. ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યો અને અંદરથી અવાજ આવવા લાગ્યો.

અંદરથી જ્યારે ઉપદેશક બોલવા માંડે છે, બસ, ત્યારે એ તમારા હૃદયને વીંધી નાખે છે. એ પૂછે છે: 'તેં આ બધું કોને માટે કર્યું?'

તમારું નામ છાપામાં આવી જાય તો તમને કેટલો બધો આનંદ થાય છે. એ છાપાની તમે વધારે નકલો મંગાવો છો, છાપાને જાળવી જાળવીને રાખો છો.

જીવનમાં એકાદું સર્ટિફિકેટ મળે તો એને કાચમાં મઢાવીને, ફ્રેમ કરીને રાખો છો, રખે ને એ સર્ટિફિકેટ બગડી જાય. કેટલી જાળવણી!

બીજાને Ph. D.નું સર્ટિફિકેટ મળ્યું

હોય અને તમને મેટ્રિકનું, પણ તમારે મન મેટ્રિકનું સર્ટિફિકેટ અગત્યનું છે કારણ કે એમાં તમારું નામ છે.

શાળામાં, રમતગમતમાં, sports માં એકાદો ખાડો ઓળંગી જતાં cup મળ્યો હોય તો એને કબાટમાં, લોકોને બતલાવવા રાખી મૂકો. કારણ કે 'મેં મેળવ્યો છે.' બીજા માણસને high jump અને long jump માટે મોટા મોટા cup મળેલા હોય એની તમને કિંમત નહિ, કાંઈ સંબંધ પણ નહિ. તમને તો તમે જે નાનો ખાડો ઓળંગ્યો એનો cup મળ્યો એની કિંમત.

'હું', આ નામને ટકાવવા માટે, આ નામને બહાર લાવવા માટે, આ નામની સહુને જાણ કરવા માટે કરેલો પ્રબળ પુરુષાર્થ ! આ જ કરવામાં જીવનયાત્રા નિષ્ફળ જાય છે.

તમે દાન દો છો ત્યારે પહેલી વાત શાની કરો છો ? ક્ષેત્રની કે તમારા નામની ? જ્યાં સુધી નામ નહિ, ત્યાં સુધી દાનની મજા નહિ આવે. દાન સાથે તમને લાગેવળગે શું ? પરલોકની વાતો સાંભળો છો પણ પરલોક કોણે જોયો છે ? મરી ગયા પછી બધું ખલાસ !

માટે નામ છે કે નહિ એ મોટી વાત. તમને રામ કે કામની સાથે કાંઈ લાગે વળગે નહિ. રામ અને કામ બોલવા માટે ઠીક છે પણ દુનિયામાં કરવા માટે તો નામ છે !

સારામાં સારા કાર્યમાં દાન દેવાનો પ્રસંગ આવતો હોય પણ જો નામ ન આવતું હોય તો દાન અને કામ બાજુમાં રહી જાય.

લોકો તીર્થમાં જાત્રા કરવા જાય છે ત્યારે ભગવાનના સુંદર મંદિરને પણ છોડતાં નથી. પછી એ મંદિર હોય કે ધર્મશાળા, એને તો એનું નામ અમર કરવું છે. દિવાલ ઉપર કોલસાથી પોતાનું નામ લખી આવે, તારીખ સાથે, પોતે કેટલું લશ્કર લઈને આવ્યો હતો એ પણ લખે !

અરે ભાઈ ! તારું નામ તો આકાશના સૂર્ય, ચંદ્ર અને તારામાં લખી શકાય એવું છે. તું શું કરવા આ કોલસાથી તને બધે ચીતરી રહ્યો છે ? કેટલાય તારાઓ મહાપુરુષો અને મહાસતીઓના નામે ઓળખાય છે. આ અરૂંધતીનો તારો, આ ધ્રૂવનો તારો, આ સપ્તર્ષિમંડળ.

તમારાં નામ તો તારાઓમાં લખી શકાય, પ્રકાશની કલમથી લખી શકાય. પ્રકાશની કલમથી લખવાને બદલે ભાઈસાહેબે કોલસાથી લખવાની શરૂઆત કરી.

આગળ વધીને છાપામાં નામ આવે ત્યારે શું કહે ? Dark black type કાળાં મોટા ટાઇપમાં જોઇએ. એમ નહિ હોય તો નહિ ચાલે. લોકોની નજરે ચઢવું જોઇએ, મારા નામ તરફ ધ્યાન દોરાવું જોઇએ.

જીવનમાં નામ માટે કામ થાય ત્યારે ઊર્ધ્વગામી દૃષ્ટિ સંકુચિત બનતી જાય છે.

આર્થરને વિચાર આવ્યો : આખા જીવનમાં મેં જે કામ કર્યું એ આર્થરને બહાર લાવવા માટે. આર્થરને ચમકાવવા માટે, આર્થરને લોકોના મોઢે ચઢાવવા માટે. આર્થર લોકોને યાદ રહેવો જોઇએ, લોકોની સ્મૃતિમાં અમર perpetual અને permanent બનવો જોઇએ.

તો મેં મારા માટે શું કર્યું ? આત્મા માટે કાંઇ નથી કર્યું, ચૈતન્યને સંતોષવા માટે પણ કાંઇ નથી કર્યું.

જો મેં મારે માટે કર્યું ન હોય અને માત્ર લોકો માટે જ કર્યું હોય તો અંદરથી શાંતિ કેવી રીતે આવી શકે ?

(અપૂર્ણ)

# સંતનું સન્માન એજ આત્માનું બહુમાન



પૂ. ગુરુદેવના ચાતુર્માસ પ્રવેશ વખતે શ્રી થાણા જૈન મંદિરના પ્રવેશદ્વારમાં
સામેલ થયેલા અનેક ભાવિક ભકતજનો

## નમ્યો તે પ્રભુને ગમ્યો



પૂ. ગુરુદેવને ગહૂંલી કરી સત્કારતા ભાવિક હૃદયો

# દ્વાર ખૂલ્યાં અને જ્ઞાનામૃત વરસ્યાં



પૂ. ગુરુદેવનું માંગલિક પ્રવચન એકાગ્રચિત્તે સાંભળતા શ્રોતાજનો

- OM NAMO LOE SAVVA SAHOÛ NAM -

Divin Maharaja

Thank you very much for your so pretty letter.
I am sorry if I am so late to answer, but I had several examinations of medecine to pass; and I am not very good in English.

I send you the pictures.
I hope that they will pleased to you

All my thanks, for your divine Bless and the divine Initiation gived.

I repeate every day the mantra:
OM HARHAM NAMAH,
and the NAVAKARA too.

Now, I feel and understand much better what is the Jaïnism
I pray to help and protect you in your work, and I hope that you could forward your message at all the world
I hope to see you again soon in France

With all my gratefulness
That all the divine Powers bless you and help you in your mission -

Padma.

I pray also for you, and for the succeed of your Mission. All my Affection
Ganesha

# 卐 પુષ્પનો પરાગ 卐

[પૂ. ગુરુદેવે વિદેશ પ્રવાસ કર્યો, વીરની વાણીથી કેટલાય આત્માઓને રંગ્યા, અહિંસા અને અનેકાન્તના વિચારોની સુવાસ એમના પ્રાણોમાં પ્રસરાવતા આવ્યા. એ વિચારોને વાગોળતાં વાગોળતાં કેટલાય આત્માઓએ આનંદ અનુભવ્યો, અભિવ્યક્ત કર્યો. આ અભિવ્યક્તિ એમના જ શબ્દોમાં.]

ૐ નમો લોએ સવ્વ સાહૂ નમ્

દિવ્ય મહારાજ,

આપના સુંદર કાગળ માટે આભાર. જવાબ આપવામાં આટલી ઢીલ થઈ તો માફ કરશો, પરંતુ મારે દાકતરીની ઘણી પરીક્ષાઓ પાસ કરવાની હતી અને મારું અંગ્રેજી ઘણું સારું નથી.

મેં આપને ફોટાઓ મોકલ્યા છે, મને આશા છે કે આપને ગમશે.

આપે આપેલ દિવ્ય આનંદ અને દિવ્ય પ્રેરણા માટે આભાર.

હું દરરોજ ૐ અર્હમ્ નમઃ અને નવકારમંત્રનું રટણ કરું છું.

હવે જૈન તત્ત્વજ્ઞાન શું છે એ હું અનુભવું છું અને વધારે સારી રીતે સમજું છું. હું પ્રાર્થું છું કે આપના કાર્યમાં હું મદદરૂપ અને ઉત્તરસાધક થઈ શકું. અને મને આશા છે કે આપ વિશ્વ સમક્ષ આપનો સંદેશો મૂકી શકો. મને આશા છે કે ફરીથી નજીકના ભવિષ્યમાં આપના ફ્રાન્સમાં દર્શન કરી શકું.

ઋણાનુભાવે હું એટલું જ પ્રાર્થું છું કે દિવ્ય શક્તિઓ આપને આશીર્વાદ આપે અને આપના ધર્મક્ષેત્રમાં મદદ કરે. હ્રીંનો જાપ ચાલુ છે. – પદ્મા

હું પણ આપને માટે અને આપના મીશનની સફળતા માટે પ્રાર્થું છું.

મારા પ્રેમ સહિત. – ગણેશ

"GROUP OF THE LIGHT"

Lyon, France

ૐ Dear Maharaj ૐ

Since you have come in Lyon, we are joined with you, we think of you, we pray in unity with you.

We gather together every friday evening at nine o' clock. India is five hours before French time so it is two on morning to you. Your spirit, during sleeping, can travel up to us.

Last Friday, the woman medium, our friend KATYA GRANDIEUX was conscious of you.

We thank you very much for your visit in our town and for your benediction.

We are happy to be of your friends in God.

OM SHANTI SHANTI OM.

The writers – Jane
Katyeth, Emile, Jacqueline, Yvonne Yoes,
Colette, Marie - Jose Mr. Bailly, Marguerite,
ૐ

'પ્રકાશનો પુંજ'
લીઓન, ફ્રાન્સ.

ૐ પ્રિય મહારાજ ૐ

આપ લીઓન પધાર્યા ત્યારથી અમે આપની સાથે જોડાઇ ગયાં છીએ. અમે આપનો વિચાર કરીએ છીએ.

અમે દર શુક્રવારે રાત્રે નવ વાગે મળીએ છીએ. હિંદુસ્તાન અમારાથી પાંચ કલાક આગળ હોવાથી એ વખતે તમારે ત્યાં સવારના બે વાગ્યા હોય છે. આપનો પ્રાણ, આપ સૂતા હોવા છતાં અમારા સુધી પ્રયાણ કરે છે, પહોંચી જાય છે.

ગયા શુક્રવારે અમારી મિત્ર કાત્યા ગ્રાન્ડીકસે ધ્યાનમાં આપનું પ્રત્યક્ષ દર્શન કર્યું.

અમારે ત્યાં પધારવા માટે અને અમને આપના (વાસક્ષેપથી) આશીર્વાદ આપવા માટે અમે આપનાં ઘણાં આભારી છીએ.

પ્રભુના સાન્નિધ્યમાં આપની સાથે આત્મમૈત્રીનો આનંદ માણવા પ્રસન્ન છીએ.

**ૐ નમઃ શિવાય – ૐ શાન્તિ શાન્તિ ૐ**

આ પત્રની લેખિકાઓ – જેન
કાત્યે, એમીલી, જેકલીન, યુવોન, કોલેટ
મેરી – ઓઝે, શ્રી બેલી, માર્ગરીટ.
ૐ

★

સંપાદકશ્રી
"દિવ્ય – દીપ"
મુંબઈ – ૬

પૂજ્ય મહારાજ સાહેબનાં પ્રવચનનો લાભ અમને મળે એ માટે વિનંતી કરવાની કે પૂ. મહારાજશ્રીનાં પ્રવચનોની ટેપ – મલે એ માટે અમને યોગ્ય માર્ગદર્શન કરશો.

બીજું એક નમ્ર સૂચન છે, કે પર્યુષણ – પર્વ દરમ્યાન ભગવાન મહાવીરનાં જન્મ કલ્યાણ વાચનના દિવસે ઓલ ઇન્ડિયા રેડીયો ઉપરથી મહારાજશ્રીનું પ્રવચન યોજાય તો ભારતમાં ઈતર વસતા જૈન સમુદાયને એ મંગળવાણીનો લાભ મલે... આ પ્રકારનાં પ્રવચનની અગાઉથી સમય અને દિવસ નક્કી કરી એની જાણ "દિવ્ય દીપ" અને અન્ય વર્તમાન પત્રો દ્વારા અને રેડિયો ઉપરથી પણ થાય તો વધુ પ્રમાણમાં ભાઇઓ ધર્મલાભ પણ મેળવી શકે.

પરદેશની ધરતી ઉપર પૂ. મહારાજશ્રીનાં પ્રવચનો અને ટી. વી. કાર્યક્રમો યોજાય એ વાંચી હૃદય નમે છે. આપણે ઘર આંગણે આ વિશ્વ–વિભૂતિ માટે શું કર્યું ? ... ટીકાઓ અને ઘેરાવો ...

જગતના મહાન ધર્મગુરુ શ્રી પોપ પોલ પોતે ઊઠીને સ્વાગત કરે છે... ધન્ય છે એ ધરતીને અને એ દેશની હવાને જેણે આ દશ્યની પ્રતિભા નિહાળી — વધુ શું લખું.

લિ. **અંબાલાલ એ. શાહ**
નાં જયજિનેન્દ્ર.

(ઘેર ઘેર વીરનો સંદેશો પહોંચાડી સૌને જાગૃત કરવાનું નમ્ર સૂચન છે.)

# ધર્મ અને સૂક્ષ્મ બુદ્ધિ

શ્રી વર્લી તપાગચ્છ મૂર્તિપૂજક જૈન સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂજ્ય ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજે તા. ૬–૬–૭૦ના રોજ ઉપાશ્રયમાં આપેલ પ્રવચનની નોંધ.

ચિંતામણી રત્ન જેવું આ અમૂલ્ય મનુષ્ય જીવન ઘણા ઘણા સુકૃતના સંચયથી મળ્યું છે પણ સમજ્યા વિના તેને સહુ વેડફી રહ્યા છે. એને સાર્થક અને સફળ કરવા માટે જ ધર્મની આરાધના છે.

ધર્મની આરાધના કોને કહેવાય? આ વાત બરાબર વિવેકથી સમજવા જેવી છે. નિર્દોષ, અબોલ પ્રાણીઓને મહાકાળીની આગળ હોમવામાં આવે એ પણ ધર્મ કહેવાય છે અને બકરી ઈદના દિવસે હજારો બકરીઓનો વધ થાય તે પણ ધર્મ કહેવાય છે!

ધર્મ એક એવો શબ્દ છે જે બરાબર અર્થમાં ન સમજાય તો ધર્મના નામે જ અધર્મ થાય છે. ધર્મના ઝનૂનમાં અને શાસ્ત્રોના નામે ધર્મી જેટલું ખરાબ કરી શકે છે એટલું અધર્મી પણ નથી કરી શકતો.

કોઇ તમને ધર્મના કે શાસ્ત્રના નામે કાંઇ કહે ત્યારે બહુ વિચાર કરજો. કારણકે ધર્મ અને શાસ્ત્રના શબ્દોના જેવા અર્થ કાઢવા હોય તેવા કાઢી શકાય છે.

ધર્મ કોનું નામ? મૈત્રી, મુદિતા, કારુણ્ય અને માધ્યસ્થ.

જેણે ધર્મ કરવો છે એણે ઝીણી બુદ્ધિથી વિચાર કરવો નહિતર ધર્મના નામે, ધર્મની બુદ્ધિથી જ ધર્મનો નાશ થવાનો.

જેમ જેમ જીવનમાં ધર્મ આવતો જાય તેમ તેમ દ્વેષની, તિરસ્કારની દીવાલો તૂટવી જ જોઇએ. અધર્મીને દીવાલ છે, ધર્મીના દિલમાં દીવાલ જ નથી.

"સવિ જીવ કરું શાસન રસી"નાં સૂત્રો જોરજોરથી બોલો છો પણ આચરણમાં તો પાડોશીને પણ ધર્મ નથી પહોંચાડતા!

તમે ખ્રિસ્તી અને મુસલમાનની નિંદા કરો છો પણ એમના પ્રભુના સંદેશાને દૂર દૂર સુધી પહોંચાડવાની એમની તીવ્ર ભાવના જોઇ? હજાર વર્ષ પહેલાં આ દેશમાં જ્યાં એક ખ્રિસ્તી નહોતો, એક મુસલમાન નહોતો ત્યાં આજે કરોડો થયા છે તેનું કારણ કદી વિચાર્યું છે?

ધર્મ પ્રચાર કરવો હોય તો રૂઢિની દીવાલો તોડ્યા વિના નહિ ચાલે. થોડાક ફેરફાર સમયાનુકૂલ કરવા પણ પડે. દર વર્ષે અષ્ટાનિકામાં સાંભળો છો ને કે રાજા વિક્રમના સંઘમાં સાત લાખ જૈન કુટુંબ સાથે હતાં તો વિચાર કરો કે એ જૈન સમાજ કેવડો મોટો હોવો જોઇએ! તો એ ગયો ક્યાં? તમે બાપની મૂડી વધારી કે ખલાસ કરી? અને એવો દીકરો સપૂત કહેવાય કે કપૂત?

કરોડો જૈનો હતા તે અંદર ને અંદર લઢી લઢીને હવે વીસ લાખે પહોંચ્યા. હજુ કેટલા ઘટાડવા છે?

જૈનોમાં બે મોટા વિભાગ પડી ગયા. શ્વેતામ્બર અને દિગમ્બર.

દિગમ્બરો કહે કે કપડાં પહેરે તે સાધુ ક્યાંથી? તમારે મન જે પૂજ્ય છે, વંદનીય છે તે એમને મન પાખંડી છે, અને આ બધું કહે કોના નામે? શાસ્ત્રોના નામે.

એક જ મહાવીરના દીકરા વહેંચાઈ ગયા. દિગમ્બરો કહે: તમારા સૂત્રો ૯૮૦ વર્ષ પછી લખાયાં છે, એમાં ઘણી ભેળસેળ છે પણ શ્રી મંધર

સ્વામીનાં ટંકશાળી વચનો તો અમારા સમયસારમાં જ મળે.

મનમાં એવા ઝેરનાં બીજ વાવવામાં આવ્યાં કે વિચાર કરવાની શકિત જ ખલાસ થઈ ગઈ. એક બીજાને નિંદવા સિવાય કોઈ કામ જ નહિ. જ્યાં જાઓ ત્યાં સામસામા બે મંદિર. શ્વેતામ્બરનું અને દિગમ્બરનું. લોકો પણ હાંસી કરે. આજે જુઓ તો દરેક પ્રાંતમાં શ્વેતામ્બર અને દિગમ્બર વચ્ચે કજિયા ચાલ્યા જ કરે છે.

પછી જે શ્વેતામ્બર રહ્યા તેના બે ભાગ પડયા, મૂર્તિપૂજક અને સ્થાનકવાસી.

મૂર્તિપૂજક કહે કે ૪૫ આગમ સાચા ત્યારે સ્થાનકવાસી કહે કે પહેલાના ૩૨ આગમ સાચા અને પછીના બધા ગપ. જેમાં મૂર્તિની વાત આવી તેના પર ચોકડી. કહે કે મૂર્તિપૂજકો આંગી કરાવે, મંદિરો બંધાવે, આરંભનું કેટલું બધું પાપ કરે છે!

આરંભ સમારંભને ઉત્તેજન આપનારા મૂર્તિપૂજક સાધુઓને વંદન કરવું તે પણ પાપ છે!

એટલામાં ભિખુજી આવ્યા અને કહે: ઢોરોને ખાવા આપો, પાણી આપો અને એ જીવીને જે પાપ કરે, વ્યભિચાર કરે, એના ભાગીદાર તમે છો. ગરીબને પૈસા આપો અને એ પાપ કરે તો એનું પાપ તમને લાગે, દાન આપનારને પાપ લાગે.

એટલે તેરાપંથીમાં જીવદયા કે પાંજરાપોળ જ નહિ!

એકમાં દર્શન ઉડાવ્યું તો બીજામાં દયા ઉડાવી. ત્યાં ન દાનની વાત, ન દર્શનની વાત. અને આ બધું શાસ્ત્રના નામે.

જેટલા મૂર્તિપૂજક બાકી રહ્યા તેમાં બીજા ચાર ભાગ પડયા. અંચલગચ્છ, પાયચંદ ગચ્છ, ખડતરગચ્છ અને તપાગચ્છ. ચોથ અને પાંચમના ઝઘડા થયા અને પાતરાનાં રંગ બદલાયા.

તપાગચ્છમાં પાછા જૂના અને નવા એમ પેટા ભાગ પડયા. નવા સંઘાડા ઊભા થયા.

ગચ્છથી ન અટકયા તો ગામ સુધી પહોંચ્યા. કોઈ કહે અમે લીંબડી સંપ્રદાયના તો કોઇ કહે અમે બોટાદ સંપ્રદાયના, ગોંડલ સંપ્રદાયના.

આમ બાઝવામાં અને લઢવામાં કરોડોમાંથી ૧૫-૨૦ લાખ થયા. વર્ષો જતાં વધારો નહિ, ઘટાડો થયો.

મંદિરોમાં જે થોડા આવે છે તે દેખાય છે પણ જે નથી આવતા તેનું શું?

ખ્રિસ્તીઓના ચર્ચ જુઓ તો દર રવિવારે ચિક્કાર હોય અને ઉપાશ્રયોમાં જુઓ તો થાકેલા વૃદ્ધો ઝોકા ખાતા હોય!

તો ધર્મ કયાં છે? બોલી ચઢાવવી હોય તો કહે આવી જાઓ પણ આરાધના માટે કેટલા તૈયાર છે? આજે મોટા ભાગનો પૈસો વાજા વગાડવામાં અને કેસો લઢવામાં ખલાસ થઇ રહ્યો છે.

તમે જ્યારે લઢી રહ્યા છો ત્યારે ખ્રિસ્તી, મુસલમાન, રામકૃષ્ણ મિશન અને આર્યસમાજે શું કર્યું?

જે છે તેમાં ઝઘડો શું કરવા કરવો? એના કરતાં નવા ન વધારવા? અને વધારતાં વધારતાં વિશ્વનો અર્ધો ભાગ સર કર્યો. આજે દુનિયાના અડધા ભાગમાં ખ્રિસ્તી અને બૌદ્ધ ધર્મ પળાય છે. અને બાકીનામાં મોટો ભાગ મુસલમાન રોકે છે, ૮૦ કરોડ તો મુસલમાન છે.

આ બધામાં તમારો અવાજ કોણ સાંભળે છે?

આંખો બંધ કરીને કેટલાક પાગલો કહે છે: ચોથો આરો વર્તે છે! શાસન પ્રભાવના થાય છે

પણ સમાજ દિનપ્રતિદિન ક્ષીણ થતો જાય છે તે જોવાની વિવેકદૃષ્ટિ નથી.

માણસની શકિત મર્યાદિત છે. જો એ શકિત લઢવામાં વપરાય તો સર્જન કયાંથી થાય ?

તમને જે અહિંસા મળી, સ્યાદ્વાદના અદ્‌ભૂત વિચાર મળ્યા એને લઢવામાં ન વાપરતા એનો પ્રચાર કરો.

દુનિયામાં લોકો યુદ્ધથી કંટાળ્યા છે આનો ઉપાય શું છે? એક જ છે અને તે અહિંસા અને અનેકાન્ત.

દુનિયાના સત્તાધીશના મગજમાં આ વિચાર ઉતારશો, એમના મગજમાં જે હિંસક તત્ત્વ બેઠું છે તે કાઢશો ત્યારે જ યુદ્ધ બંધ થશે.

બહાર ધર્મનો પ્રચાર કરવો હોય તો અંદરના ઝઘડા બંધ કરો. નહિતર તમારી શકિત, તમારો પૈસો, તમારા વર્ષો લઢવામાં જ ખલાસ થઇ જશે.

માંસાહારની જેમાં છૂટ છે એવા બીજા ધર્મોનો પ્રચાર વધશે તો તેની અસર તમારા સંતાનો ઉપર થવાની જ. તેની સામે એક જ ઉપાય છે, તમારા અહિંસાનો પ્રચાર કરતા ધર્મનો પ્રચાર સર્વત્ર વધારો. જ્યાં ઘણા છે એવા પાલિતાણામાં નવાં મોટાં મોટાં દેરાસરો બાંધો છો પણ એમાં જવા માટે જૈનો તો જોઇશે ને? તે તો કોઇ વધારતું નથી. મંદિરો અને મૂર્તિઓ વધે અને પૂજકો ન વધે તો તેનું શું થાય ? સિદ્ધાચળમાં ઉપર ૩૬ હજાર ભગવાન બિરાજમાન છે ત્યાં જ વધારે બેસાડવા, શું એ શાસનની પ્રભાવના છે ?

સમાજની ઉપર પૂજારીનો ખરચો કેટલો વધતો જાય છે એનો તમને ખ્યાલ નથી. આ બોજો ઉઠાવનાર તમારો સમાજ કેમ ઊંચો આવશે?

પહેલાં તમે ધર્મના નામે ઝઘડવાનું બંધ કરો, બીજા હસે તેવું ફારસ બંધ કરો. તમે અહીં ઝઘડવા નથી આવ્યા, અને ઝઘડવાનો સમય પણ કયાં છે?

ધર્મ વિના માનવજીવન સફળ નહિ થાય. માટે ધર્મ આવે ત્યારે સૂક્ષ્મબુદ્ધિ લઢાવજો નહિતર ધર્મના નામે અધર્મ થશે.

ધર્મ કરો ત્યારે વણિકની જેમ કરજો. નુકશાન થોડું હોય પણ ફાયદો ઘણો હોય.

તમે માનો છો ને કે ફૂલો ચઢાવવાથી થતી હિંસાનાં પાપ કરતાં ભગવાનની પૂજામાં ભકિત કરતાં જે ઉલ્લાસ આવે તેનું પુણ્ય વધારે છે. ભગવાનને નહવડાવવામાં, કેસર ચઢાવવામાં અને મંદિરો બાંધવામાં જે હિંસા થાય છે તેના કરતાં ભકિતનો અને નિર્મળ થવાનો લાભ અધિક છે. તો આ વિચાર ધર્મ પ્રચારમાં કેમ નથી કરતા? ❋

---

[અનુસંધાન પાના ૨૬થી ચાલુ]

ભાવિકજનો લાભ લે તે દૃષ્ટિએ સવારના પૂ. શ્રીનું પ્રવચન ગોઠવાયું. ત્યારબાદ બપોરે પૂજા ભણાવવામાં આવી. રાત્રે ફરીથી મિલના કમ્પાઉંડમાં ભાંડૂપના નાગરિકો માટે પૂ. શ્રીનું પ્રવચન રાખવામાં આવ્યું.

❋ ગુરુવાર તા. ૯–૭–૭૦ શ્રી થાણા સંઘના આગેવાનો પૂ. શ્રીને સત્કારવા ભાંડૂપ પધાર્યા અને ભાંડૂપથી થાણા પૂ. શ્રી સાથે વિહાર કર્યો.

ચાતુર્માસ પ્રવેશના આગલા દિવસે થાણા પહોંચવાથી પૂ. શ્રીએ શ્રી જયંતિભાઇ ઝવેરીના નિવાસસ્થાને એક દિવસ માટે સ્થિરતા કરી.

# ચંદ્રઅવતરણ અને હવાઈ પ્રવાસ અંગે મુનિશ્રી નગરાજજીનાં મંતવ્યો

અણુવ્રત આંદોલનને લીધે આચાર્ય શ્રી તુલસી અને જૈન શ્વેતાંબર તેરાપંથી મુનિઓ સંપ્રદાય બહાર ધ્યાન ખેંચી શક્યા છે. તેમાં મુનિશ્રી નગરાજજી અણુવ્રત–પરામર્શક તરીકે પ્રસિદ્ધિ પામેલા છે. એમની દિલ્હી તરફની પદયાત્રામાં ગયે અઠવાડિયે અમદાવાદમાં તેમનો મુકામ થયો હતો. અણુવ્રત વિશેના એમના વિચારો જાહેર છે. પરંતુ હાલ જૈન સાધુસમાજમાં બે પ્રશ્નો ઉપર વિવાદ જાગેલો જોવા મળે છે; ચંદ્ર ઉપર માનવી પહોંચ્યો તે અને વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપવા પ્લેનમાં ઊડીને મુનિશ્રી ચિત્રભાનુજી જીનિવા ગયા તે. આથી એ અંગે મુનિશ્રી નગરાજજીના વિચારો જાણવાની ઇચ્છા રહે તે સ્વાભાવિક છે.

તા. ૧૮મી એપ્રિલના રોજ એમની મુલાકાતની તક મળતાં મેં તેમને પ્રથમ ચંદ્ર ઉપર માનવના અવતરણના મુદ્દાની પૃચ્છા કરી. જૈન સ્થાનકવાસી સમાજમાં અને ખાસ કરીને તેના સાધુસંપ્રદાયમાં મુનિશ્રી અમરચંદજીએ ચંદ્ર ઉપરની માનવીની સિદ્ધિને સ્વીકારવી જોઈએ તેમ જણાવવાથી ખળભળાટ પેદા થયો છે. ધર્મવિરોધી વિચાર દર્શાવવાથી તેમને શ્રમણસંઘમાંથી બહાર કેમ ન મૂકવા તેવા આંદોલને આકાર લીધો છે. મુનિશ્રીએ પોતે સાધુસંઘમાંથી છૂટા થવાની માગણી કરતું રાજીનામું મોકલી આપ્યું છે.

મુનિશ્રી નગરાજજી આ હકીકત જાણતા હતા. તેમણે જણાવ્યું કે જે પ્રત્યક્ષ હકીકત છે તેનો ઈનકાર કરી શકાય નહીં. મહાવીરની આગમવાણીથી તે વિરોધી બનાવ હોય તો સાચો માર્ગ તો એ છે કે આગમવાણી વિશે પુનર્વિચારણા કરવી જોઈએ. પરંતુ એ વાણી ખોટી ન હોઈ શકે તેમ સ્વીકારી લઈને ચંદ્ર ઉપર માનવનું અવતરણ જે એક વૈજ્ઞાનિક સિદ્ધિ છે તેનો ઈનકાર કરવાથી આગમવાણીની સત્યતા પુરવાર થતી નથી. એને બદલે આગમવાણીના વિધાન બાબત નવેસરથી મૂલ્યાંકન કરવાની તત્પરતા બતાવવી જોઈએ.

મુનિશ્રીએ જણાવ્યું કે મહાવીરની વાણી એમના વખતમાં ગ્રંથસ્થ કરવામાં આવી છે. આમાં બે અનુમાનો થઈ શકે. આગમવાણી તરીકે ઓળખાતી બધી હકીકતો તેમને નામે ચઢી હોય તો પણ તે તેમની પોતાની ન હોય. એ રચનાઓ પાછળથી બીજા આચાર્યોએ ઉમેરી હોય અને તેનું કર્તવ્ય મહાવીરના નામે ચડાવ્યું હોય અગર તે વાણી મહાવીરની પોતાની હોય. જો એમની હોય તો એ ભૂગોળ-ખગોળ અંગેની માન્યતા સાચી નથી તેમ સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ. જૈન ધર્મ મહાવીરને સર્વજ્ઞ કહે છે, તે દાવો એમનો પોતાનો નથી પણ બીજા આચાર્યોએ તેમના અંગે કરેલો દાવો છે, જે દાવો કરનાર આચાર્યોની સર્વજ્ઞતાના અભિપ્રાયની કસોટી કરે છે અગર તેમના જ્ઞાનની પરિસીમાનો ખ્યાલ આપે છે. એ જે હોય તે, પરંતુ જે પ્રત્યક્ષ સાબિત થયું છે તેનો ઈનકાર કરવાથી જૈન ધર્મ, મહાવીર કે સાધુસમાજના ગૌરવમાં વધારો થતો નથી. અમુક ધર્મની માન્યતા વિજ્ઞાનની ચેલેન્જને લીધે ખોટી ઠરતી હોય તો તેનો સ્વીકાર કરવો જોઈએ. સાંપ્રદાયિકતાને વશ થઈ વળગી રહેવું ન જોઈએ.

જૈન સાધુઓ વાહનોનો ઉપયોગ કરતા નથી અને પગપાળા પ્રવાસ કરે છે. માંદગીમાં પણ તે વાહનનો નિષેધ માને છે. આપદ્ધર્મ તરીકે માણસો ડોળીમાં તેમને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જાય તેટલી છૂટ સ્વીકારે છે. આથી પ્લેનમાં બેસી મુનિશ્રી ચિત્રભાનુજી જીનિવા ગયા છે તે

પ્રસંગ જૈન સાધુસમાજ માટે નવો અને ખળભળાટ મચાવનારો કહી શકાય. એમણે પોતે જમાના પ્રમાણે અમુક આચારમાં ફેરફાર થવો જોઈએ તેમ પોતાના પગલાના ટેકામાં જણાવ્યું છે. જૈન ધર્મે જો બીજા ધર્મો સમક્ષ પોતાની રજૂઆત કરવી હોય તો પરદેશમાં ભરાતી સભાઓમાં ભાગ લેવા જવું જોઈએ. એ જ રીતે પરદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરવા માટે પગપાળા પ્રવાસનું બંધન છોડવું જોઈએ.

મુનિશ્રી નગરાજજીએ તે અંગે જણાવ્યું કે વાહનનો બિલકુલ ઉપયોગ ન થઈ શકે તેવો એકાંગી આચાર ધર્મને અભિપ્રેત નથી. આજે નદીઓ ઉપર પુલ બંધાઈ ગયા છે એટલે પગપાળા દેશમાં પ્રવાસ કરનારને હોડીનો ઉપયોગ કરવાની જરૂર ન રહે. અમુક સ્થળે થોડો પ્રવાસ લાંબો થાય એટલું જ. પરંતુ મહાવીરના જમાનામાં પુલો ન હતા અને મોટી નદીઓ ઓળંગી એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવું હોય તો વહાણનો ઉપયોગ કર્યા વિના ન ચાલે. જો તેનો નિષેધ કર્યો હોત તો એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવું મુશ્કેલ બન્યું હોત અને સ્થાનિક સાધુઓના જ્ઞાનનો મર્યાદિત જ લાભ જૈનોને મળ્યો હોત. એ સ્થિતિ ધર્મના કે લોકોના હિતમાં ન જ ગણાત. મહાવીરે નદી પાર કરવા માટે હોડીનો ઉપયોગ કરવાનો સાધુઓને માટે નિષેધ માન્યો ન હોતો. આમ દેશના પ્રવાસ માટે મહાવીરે નદી પાર કરવાના વાહનનો સ્વીકાર કર્યો હોય તો આજના જગતમાં પરદેશ પ્રવાસ માટે પ્લેનના વાહનનો ઉપયોગ કરવો પડે તો તે શ્રમણઆચારને સુસંગત નથી તેમ ન ગણવું જોઈએ. આમાં જે મુદ્દો રહેલો છે તે એ કે આવા પ્રવાસ અંગે એ હેતુને વધુમાં વધુ કોણ પાર પાડે તે દૃષ્ટિએ નિર્ણય થવો જોઈએ.

(તા. ૨૬-૪-૭૦ ના 'નિરીક્ષક'માંથી) ઇશ્વર પેટલીકર

## મુનિશ્રી ચિત્રભાનુનો સમુદ્રપ્રવાસ શાસ્ત્રસંમત છે?

મુનિશ્રી ચિત્રભાનુના યુરોપ પ્રવાસ અંગે જૈન સમાજમાં ભારે ખળભળાટ મચ્યો છે. પણ આ કોઈ નવીન વાત નથી. બહુ પ્રાચીનકાળના જૈન નિર્ગ્રંથશ્રમણો સમુદ્રપ્રવાસ ખેડતા એના અનેક ઉદાહરણો નોંધાયેલા છે.

(૧) ભગવાન મહાવીરના નિર્વાણ સમય બાદ તરતજ લોહિતાચાર્યે પોતાના શિષ્યો સહિત દક્ષિણમાં લંકા સુધી જૈનધર્મનો પ્રચાર કરવા સમુદ્રપ્રવાસ કર્યો હતો. જૈનો બૌદ્ધભિક્ષુ ધેનુસેન વિરચિત મહાવંશ–કાવ્યમાં ઉલ્લેખ છે કે સિંહલદ્વીપના રાજા પનુગાનયેએ જૈન નિર્ગ્રન્થો માટે ગિરિ નામનું સ્થાન બંધાવી આપ્યું હતું. (વાંચો ત્રિપુરી મહારાજ-કૃત જૈનપરંપરાનો ઈતિહાસ ભા. ૧લો પાનું ૧૭)

(૨) કાલકાચાર્ય જેમની આજ્ઞા નીચે આજે શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘનો મોટો ભાગ ચાલે છે એ આચાર્ય ઈરાન જેવા અનાર્ય દેશમાં તો ગયા હતા પણ પાછા ફરતાં ૯૬ શાહી રાજાઓ સાથે એ સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં ઊતર્યા હતા. (જૈન પરંપરાનો ઇતિહાસ પાનું ૨૨૬).

(૩) સોપારક નામનો એક રાજદૂત યુનાન ગયો હતો. તેની સાથે એક જૈનાચાર્ય પણ ગયા હતા. એમણે ત્યાં જૈનધર્મનો સારો પ્રચાર કર્યો હતો. અને છેવટે એથેન્સ (ગ્રીસ)માં સમાધિ મરણ તેમણે પ્રાપ્ત કર્યું હતું. (Indian Historical Quarterly P. II Page 2 3)

(૪) જર્મન ઈતિહાસ લેખક વાનક્રેમર લખે છે કે મિસરમાં જે 'સમાનિયા' સંપ્રદાય છે તે જૈન શ્રમણોનો જ અપભ્રંશ છે.

(૫) વિશ્વંભરનાથ પાંડે જણાવે છે કે–ઈશુના જન્મ પહેલાં જૈનધર્મ મધ્યપૂર્વમાં ખૂબ ફેલાયેલો હતો, જેણે યહૂદી તથા પાછળથી ઇસાઈ અને મુસ્લિમ ધર્મ પર પ્રભાવ પાડ્યો હતો.

(૬) ઈતિહાસવેત્તા પંડિત સુંદરલાલજીએ લખ્યું છે કે ઇસુ જૈન મુનિઓ પાસેથી ધાર્મિક શિક્ષણ પામ્યો હતો.

(૭) યુનાની વિદ્વાન એરિસ્ટોટલે ઈ. સ. પૂર્વે ૩૩૦ પહેલાં કહેલું કે યહુદીઓ જૈન સાધુ હતા જે પાછળથી જુડિયામાં રહેવાને કારણે યહુદી સંજ્ઞા પામ્યા હતા.

(૮) મેજર જનરલ જે. સી. ફર્લોંગે લખેલા Science of Comparative Religions નામના પુસ્તકના પાના ૧૪માં લખ્યું છે કે જૈન મુનિઓ સમસ્ત પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા હતા.

(૯) ફગ્યુંસન નામના શિલ્પશાસ્ત્રીએ 'વિશ્વ કી દૃષ્ટિ' નામના પુસ્તકમાં પાના ૨૬ ઉપર લખ્યું છે કે મક્કામાં પણ જૈન મંદિરો હતાં.

આ બધાં પ્રમાણો જણાવે છે કે પ્રાચીન કાળના જૈનનિર્ગ્રન્થ શ્રમણો મિશનની ભાવનાથી સમુદ્રપ્રવાસ ખેડતા તેમજ દૂરદૂરના અનાર્ય દેશો સુધી પણ વિહાર કરતા. પણ જ્ઞાનમાર્ગ ઝાંખો પડવાથી ક્રિયાકાંડ પર વધુ પડતો ભાર દેવાને કારણે પાછળથી આચારવિચારના નામે સાંકડી મનોવૃત્તિ પોષાવા લાગી હશે એમ સહેજે કલ્પી શકાય છે.

આથી મુનિશ્રીનો પરદેશ પ્રવાસ પરંપરા સંમત છે. હા, એટલું ખરું કે એ પ્રવાસ પાછળ મુનિશ્રીને કેવળ પ્રતિષ્ઠાનો મોહ હશે તેમજ પ્રવાસ-મોજનો હેતુ હશે તો એમનું કાર્ય એ અધર્મરૂપ ગણાશે ને એ પોતે પડશે. પણ જો એની પાછળ કેવળ જૈનધર્મના પ્રચારનો શુભ હેતુ હશે તો એ જૈનધર્મના ઇતિહાસમાં એક યશકલગી સમાન ગૌરવઘટના ગણાશે.

આજે યુરોપ – અમેરિકામાં બૌદ્ધો વૈદિકોના સેંકડો મઠો–આશ્રમો–મંદિરો સ્થપાઈ રહ્યા છે અને જ્યારે નવા બનેલા યુરોપિયન ભકતો ભજન-કીર્તન કરતા નગરયાત્રા કરે છે ત્યારે ઘણીવાર તો વાહનવ્યવહાર પણ બંધ કરવો પડે છે. આવી પારસ્થિતિમાં જો આપણે ઉપાશ્રયોમાં જ ગોંધાઈ રહીશું અને આશાતના કે વાયુકાયની હિંસાને નામે પ્રચારવૃત્તિને જ ધર્મ માન્યા કરીશું તો એના જેવી ભગવાન મહાવીરની બીજી કઈ મોટી આશાતના ગણાશે ? અને એવી ખોટી કલ્પનાએ જ ભગવાનની ૨૫૦૦મી નિર્વાણતિથિની ઉજવણીનો પણ આપણે વિરોધ કરવા લાગ્યા છીએ ને એ રીતે ભગવાનના નામને જ ભૂલવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. સાચું કહીએ તો એવી જડવૃત્તિના પ્રત્યાઘાત રૂપે જ મુનિશ્રીના પરદેશગમન જેવી ઘટનાઓ ઊઠી આવવાની છે.

અમદાવાદમાં હમણાં થોડા વખત પહેલાંજ એક આચાર્યે એક લાખ પુષ્પો દ્વારા મહાપૂજન કરાવ્યું તેમજ શત્રુંજય પર અનેક ઘડાથી મૂર્તિનું પ્રક્ષાલન થઇ જવા છતાં હજારો ભકતો ઘડાના ઘડા પાણી ભગવાન ઉપર ઢાલવે જાય છે. એથી કહેવું પડે છે કે એક પાણીના ટીપામાં સેંકડો-હજારો જીવો હાલતાં-ચાલતાં વિજ્ઞાને સિદ્ધ કર્યાં છે છતાં ભકિતને કારણે એવી હિંસાનો દોષ લાગતો નથી તો જેની પાછળ જૈનધર્મની શુદ્ધ પ્રભાવનાનો જ હેતુ હોય તો મોટર વિમાનદ્વારા થતી વાયુકાયાદિ હિંસાનો દોષ શા માટે ?

આ તો જાણીતી હકીકત છે કે યુગપ્રધાન વજ્ર-સ્વામી હિમવંતગિરિપરથી તાજાં પુષ્પો પ્રભુપૂજા માટે સંઘને લાવી આપતા. હિમવંતગિરિ તો અહીંથી લાખો ગાઉ દૂર આવેલો હોઈ વજ્રસ્વામી ભલે વિમાનદ્વારા નહીં પણ પોતાની આકાશગામિની વિદ્યા દ્વારા ગયા હશે પણ તીવ્ર ઝડપને કારણે જોરદાર ઘર્ષણ હવા સાથે થાય જ, અને જેટલા પ્રમાણમાં ઘર્ષણ તીવ્ર તેટલી વાયુકાયની હિંસા વિશેષ. છતાં એમના આ કાર્યને ધર્મકાર્ય માનવામાં આવ્યું છે તો તેમની અપેક્ષાએ બહુ જ ધીમી ગતિએ ચાલતી મોટર કે વિમાનમાં કઇ મોટી હિંસા થઈ જવાની હતી? અને છેવટે તો કર્મબંધ પરિણામ પર જ આધાર રાખે છે અને એટલે જ ભગવાને કોઈપણ વિધિ-નિષેધનો આગ્રહ ન રાખતાં જેમ વાણિયો લાભ-ખોટનો વ્યાપારમાં વિચાર કરે છે તેમ સાધક પણ કોઇ કાર્ય ઉપસ્થિત થતાં પોતે ચડી રહ્યો છે કે પડી રહ્યો છે એનું આંતરનિરીક્ષણ કરી સચ્ચાઈ પૂર્વક વર્તે એમ કહ્યું છે. (નિશીથ ગાથા ૨૦૬૭) ભગવાનની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઇ વર્તવાની આજ્ઞા પણ આ જ કારણે છે. ભારતમાં આજે પાંચ–દશથી માંડી વીસ હજાર ચોરસ માઈલ જેટલા પ્રદેશો છે કે જ્યાં કોઈ નદી જ નથી. છતાં ભગવાને એવા ભાગોમાં જ જકડાઇ રહેવાનું ન કહેતાં ધર્મપ્રભાવનાને કારણે નદીઓ ઓળંગી અન્ય પ્રદેશોમાં પણ જવાની છૂટ આપી છે તો એ જ ભગવાન આજની પરિસ્થિતિમાં સાગરો પાર કરવાની રજા ન આપત ? આ પ્રશ્ન એક વિચારણા માગે છે.

(પ્રબુદ્ધ જીવનમાંથી) – **રતિલાલ મફાભાઇ શાહ**

# ★ પ્રવાસમાં પ્રકાશ ★

❋ વેદાંત સત્સંગ મંડળ તરફથી શ્રી હરિભાઇ ડેસવાલાની વિનંતી સ્વીકારતાં ભારતીય વિદ્યા ભવનનાં ગીતા હૉલમાં તા. ૨૧–૬–૭૦ સુધી પૂ. શ્રીની ત્રણ દિવસ માટેની 'અહમ્ ઔર અનુભૂતિ' એ વિષય ઉપર હિંદીમાં પ્રવચનમાળા ગોઠવાતાં વેદાંત સત્સંગમંડળના ભાઇઓ, બહેનો તથા અન્ય ભાવિકજનોએ પૂ. શ્રીના પ્રવચનનો લાભ લીધો.

❋ કોટ શાંતિનાથ જૈન સંઘની અત્યંત આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. ગુરુદેવ ચાર દિવસ માટે ગુરુવાર તા. ૨૫–૬–૭૦ થી તા. ૨૮–૬–૭૦ સુધી કોટમાં પધાર્યા ત્યાં 'મૃત મન કે જીવંત મન' ઉપર પ્રવચન માળા શરૂ કરતાં પૂ. શ્રી એ જણાવ્યું કે મૃત મન વિષયોમાં ચોંટે છે અને જીવંત મન ચોંટતું નથી. પદાર્થોથી ભાગો નહિ, પદાર્થોમાં કુતૂહલવૃત્તિ જાગે છે એ જ રાગનું પ્રથમ પ્રગથિયું છે માટે વસ્તુને બદલવાની જરૂર નથી પણ વસ્તુ પ્રત્યેની આસક્તિ બદલવાની જરૂર છે, દૃષ્ટિ બદલાવવાની છે. ધર્મ એ ભાગાભાગી નથી પણ ઠરવાનું છે પરની નહિ પણ સ્વની વાત કરવાની છે. વીતરાગ એ આદર્શ છે અને આ વીતરાગને ઓળખનાર આંખો વિરક્તિની છે.

પ્રવચનમાળામાં મોટી સંખ્યામાં જનતાએ લાભ લેવા માંડયો. આ વિકાસ ન જોઇ શકનારા લાલબાગના ઉપાશ્રયે બેસનાર કેટલાક તોફાનીઓએ આવી રવિવાર તા. ૨૮–૬–૭૦ની સભામાં ધમાલ કરી. છતાં પૂ. શ્રી એ તો અપૂર્વ ક્ષમા આપવા સાથે શાન્તિ જ જાળવી. પ્રભુ પાર્શ્વનાથની આરાધના એટલે સમતાનો પાઠ પૂ. શ્રીની શાન્તિમાંજ સહુ સાધકો અને શ્રોતાજનોને મળી ગયો. તોફાનીઓ લોકોની નજરમાં હલકા પડયા.

સભાનું વિસર્જન થતાં પહેલાં પૂ. શ્રીના ચાતુર્માસ માટે શ્રી થાણા સંઘની જય બોલાવી હતી.

❋ માંગરોળ જૈન મહિલા સમાજના કાર્યકરોની વિનંતીને સ્વીકારી પૂ. શ્રી કોટથી વિહાર કરીને તા. ૩૦–૬–૭૦ શ્રી નાથાલાલ ડી. પરીખ સ્મારક નિધિના મરીનડ્રાઇવ પર આવેલ પ્લોટ પર તૈયાર થયેલ નવા મકાનમાં પગલાં કર્યાં. સમાજના પ્રમુખ શ્રી તારાબહેન પ્રેમચંદ શાહ, લીલીબહેન દેવીદાસ, મેનાબહેન શેઠ વગેરે અગ્રગણ્ય કાર્યકરોએ ગહૂલી કરી પૂ. શ્રીનું સ્વાગત કર્યા બાદ પૂ. શ્રી એ વાસક્ષેપ આપી, માંગલિક આશીર્વાદ આપી કલ્યાણમય પ્રવૃત્તિ કરવા પ્રેરણા આપી.

❋ તા. ૫–૬–૭૦ દિવ્ય જ્ઞાન સંઘના હૉલમાં સ્વાધ્યાય ગોઠવ્યો હતો. સંસ્થાના સભ્યો તથા અનેક મેમ્બરોએ લાભ લીધો હતો.

❋ તા. ૬–૬–૭૦ પૂ. શ્રી વરલી પધારતાં શ્રી વરલી જૈન સંઘના ઉપક્રમે વરલી જૈન મંદિરમાં પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું, ત્યારે પૂ. શ્રી એ જણાવ્યું : માણસને કોઇ ગામ પહોંચવું હોય તો એને રસ્તાની જાણ બરાબર હોવી જોઇએ, રસ્તો બરાબર હોવો જોઇએ અને ચાલનાર પણ જાગૃત જોઇએ. જૈન દર્શનમાં આ ત્રણ આવશ્યકતાઓને સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્ર દ્વારા સમજાવવામાં આવ્યા છે. પહેલાં આતમરૂપી વણઝારો, જેને અહીં કોઈ ગામ નથી એને ખાતરી થવી જોઇએ કે મારું ઘર મોક્ષ છે, રહેઠાણ મુક્તિ છે. આ ખાતરી થયા પછી તમે પ્રવૃત્તિ કરો છો પણ તે બધા કરે છે તેમ નહિ. ઝીણવટથી વિચાર કરો છો. આ પ્રવૃત્તિ કરતાં કરતાં મારા પરિણામો કેટલા કોમળ થયા, મારી પ્રકૃતિમાં સુકુમારતા કેટલી આવી, હું કેટલો પાપભીરુ બન્યો, ભૂંડુ બોલ્યા બોલ્યા પછી મને અનુતાપ કેટલો થયો ? આ બધી આત્મઆલોચના ન થતી હોય, ચિંતન ન થતું હોય તો ધર્મ એ ધર્મ નથી. કર્મક્ષયનો માર્ગ આત્મઆલોચના છે. તમારી પ્રવૃત્તિ ઉપર તમે જ ચોકીદાર બનો. ચોરી કરી જ ન હોય તો પોલિસ તમારે ત્યાં આવે જ કેમ ? પ્રવૃત્તિ કરતાં

ઉપયોગ જાળવ્યો હોય તો તમારે દ્વારે કર્મરાજા આવે જ કેમ?

તમે આજે દુકાન શા માટે બંધ રાખો છો? કલાક પૂજા કરવા? સામાયિક કરવા? પ્રવચનનું શ્રવણ કરવા? રજામાં તમે શું કરો છો? આખા અઠવાડિયાનું કાળું ચીતરી નાખો, હિસાબના ચોપડા લખો, ત્યારે પોતાને માટે કાંઇ નહિ? તમે પ્રવચનમાં નહિ આવો તો સાધુને શું? જે બધું છોડીને નીકળ્યા તે હવે બીજાને વળગે તો એના જેવો મૂર્ખ કોણ? એણે બધું શા માટે મૂકયું? પારકાને વળગવા કે પકડવા માટે નહિ. હા, ગૃહસ્થો પ્રવચનમાં આવે તો રાજી થાય કે લોકો પ્રભુની વાણીનો લાભ લે છે, સ્વાધ્યાયમાં જોડાઈ નિર્જરા કરે છે.

દેવનું કલ્યાણ થઈ ગયું, ગુરુ તો કલ્યાણના માર્ગે જઇ રહ્યા છે અને ધર્મને કાંઈ જોઇતું નથી. આ તો અકિંચનનો ધર્મ છે પણ તમને ધનની જેટલી કિંમત છે એટલી ધર્મની નથી. તમે તો કહો : જરૂર પડે તો ધનથી ધર્મ ખરીદીશું. તમે બધું ખરીદી શકશો પણ ધર્મ નહિ, ઇંડું ચઢાવવું એ ધર્મ છે કે અહંકાર? ધર્મ તો આત્મામાં છે. જીવનમાં ધર્મનો રંગ લાગે તો તમારા વિચાર અને વાણીમાં ગજબનું પરિવર્તન આવે.

આજે જુઓ તો ભાષામાં કેટલી બધી અશ્લિલતા આવેલી છે, ગાંધીજી વધારેમાં વધારે ગુસ્સે થતા તો શું કહેતા? "લોગ પાગલ હો ગયે હૈ." એથી વધારે આકરી ગાળ એમના મોંએ ન હોય. એમના સંસ્કાર (culture) માપની નીચે ન આવે.

તમારા મોઢામાંથી હલકો શબ્દ નીકળે એ શું બતાવે છે? સંસ્કૃતિ નથી રહી. ભ. મહાવીર હલકાં પાપ કરનારને પણ પાપી ન હોતા કહેતા એમના જ વારસદાર આજે કેટલા નીચે ઉતરી ગયા! મોઢામાંથી હલકા શબ્દો નીકળે છે અને તે ખટકતા પણ નથી.

લોકો દેવલોક અને અનુત્તર વિમાનના વિચાર કરે પણ પોતાના જીવનમાં કેવી વિષમતા, હલકાશ અને કટુતા છે તેનો વિચાર નહિ કરે.

તમને પ્રતીતિ થવી જોઇએ કે મારું ઘર, મારું રહેઠાણ મોક્ષ છે, મારો માર્ગ મોક્ષનો છે, મારે મોક્ષે જવાનું છે.

❋ વરલીથી વિહાર કરીને પૂ. શ્રી તા. ૭–૭–૭૦ ઘાટકોપર પધાર્યા પછી ટી. બી. હોસ્પિટલમાં 'સર્વધર્મ સમભાવ' ઉપર સર્વધર્મોના પ્રતીક સમા નાના–શા મંદિરમાં જ પ્રવચન આપ્યું.

❋ ઘાટકોપરથી વિહાર કરીને તા. ૮–૭–૭૦ ભાંડૂપ પધારતાં શ્રી જૈન સંઘના પ્રમુખ શ્રી ચંદુભાઇ તથા અન્ય આગેવાનોએ પૂ. શ્રી નો સત્કાર કર્યો. મંદિરમાં દર્શન કરી ઉપાશ્રયે પધારતાં મુનિશ્રી જસવિજયજીએ પૂ. શ્રીને સત્કાર્યા હતા. ત્યાંથી નીચે ઊતરતાં વરસાદ આવતાં પૂ. શ્રી જરા ઊભા રહ્યા, ત્યાં સ્થાનકવાસીનાં ચાર મહાસતીઓને ખબર પડી કે પૂ. શ્રી નીચે ઊભા છે એટલે તેઓ ઉપર પધારવા વિનંતી કરવા આવ્યાં. મહાસતીઓની ઉદારવૃત્તિ જોઈ પૂ. શ્રી સ્થાનકમાં પધાર્યા. તેમણે પ્રવચન માટે આગ્રહ કર્યો પણ પૂ. શ્રીનો કાર્યક્રમ આગળથી નક્કી હોવાથી ત્યાં થોડીવાર રોકાઈને પૂ. શ્રી એ વિહાર કર્યો. પણ (સ્થાનકવાસી) સંઘના સ્ત્રી પુરુષો પર આ ઉદાર બનાવનો પ્રભાવ પડયો. બે સંપ્રદાયો મળે તો ગંગા જમુનાનો સંગમ થાય.

ત્યાંથી પૂ. શ્રી પન્નાલાલ સિલ્ક મિલમાં પધાર્યા ત્યારે શ્રીમતી કુસુમબહેન તથા શ્રી સુમતિભાઇનાં પુત્રો અને તેમના સ્વજનોએ પૂ. શ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું. લાંબો વિહાર કર્યો હોવા છતાં મિલના કામદારો તથા અન્ય


[અનુસંધાન પાનું ૨૧

You may succeed perchance in concealing your secret sins from the view of the world, but how long could you keep them locked from the orbit of your own conscience– the Consecrated of your own being ?

from : **Lotus Bloom** by : **Chitrabhanu**


RONUK

CENTRIFUGAL DRYERS




RONUK INDUSTRIES LTD.

11 A WORLI SEA FACE.

BOMBAY–18

Grams: RONUKIND

RPC 283-62

# ❋ થાણા સંઘનો ઉલ્લાસ ❋

જ્યાં અંતરની સાચી ભાવના છે, પામવા અને પમાડવામાં નિમિત્ત માત્ર બનવાનો ઉચ્ચ આદર્શ છે ત્યાં વિનંતીનો સ્વીકાર પણ છે.

શ્રી થાણા જૈન સંઘના મનમાં પૂ. ગુરુદેવને પોતાને આંગણે લાવવાની વિચારણા સ્ફૂરી અને તેઓ દોડતા આવ્યા. સંઘના અંતરમાં સરળતા હતી, સહજતા હતી અને નિર્મળતા હતી. સાચું માર્ગદર્શન મેળવવાની તમન્ના હતી. તેમની જ્ઞાનની ભૂખ અને મહાવીરની વાણીની તૃષા જોતાં પૂ. શ્રીનું હૃદય દ્રવી ગયું. પછી અંતરનો કે સ્થળનો પ્રશ્ન જ ક્યાં? શ્રી થાણા જૈન સંઘની ચાતુર્માસ માટે જય બોલાવવામાં આવી અને વિહાર શરુ થયો.

ગુરુવાર તા. ૯-૭-૭૦ પ્રભાતે શ્રી થાણા જૈન સંઘના સભ્યો સાથે પૂ. શ્રી ભાંડૂપથી વિહાર કરીને થાણા પધાર્યા અને સંઘનો આનંદ ન માયો. વિરોધપક્ષની ધાકધમકીની એમને પરવા નહોતી. એમને વાણીના યુદ્ધમાં નહોતું પડવું પણ વિચારોની ગહનતા માપવી હતી, અંતરના ઊંડાણમાં ડૂબકી મારવી હતી.

શ્રી જયંતિભાઈ ઝવેરીને ત્યાં પૂ. શ્રી પધાર્યા અને અનેક શ્રાવકો એમને વંદન કરવા પધાર્યા. પૂ. શ્રીની વાણી અને વિચારોથી પ્રભાવિત થયેલાને તો હવે મહિનાઓ સુધી લાભ મળવાનો હતો.

શુક્રવાર સવારથી સર્વત્ર આનંદ અને ઉત્સાહ હતો. થાણા સંઘ પૂ. શ્રીનું સામૈયું કરવા તૈયાર થયો તો સ્વાગતમાં જોડાવા મુંબઈથી આવનારા ભકતજનોનો ઉલ્લાસ પણ અદમ્ય હતો. સાડાસાત વાગ્યામાં તો દિવ્યજ્ઞાન સંઘના પ્રમુખ શ્રી કાન્તિભાઇ નહાલચંદ, ટ્રસ્ટી શ્રી કે. ડી. શાહ અને શ્રી નિતીન પરીખ આવ્યા. ત્યાં થોડી જ વારમાં કોટ સંઘના ટ્રસ્ટીઓ શ્રી નવીનભાઈ કંપાણી, શ્રી ગુલાબચંદભાઈ, શ્રી ભગુભાઈ તથા અન્ય ભાઈ બહેનો સ્પેશ્યલ બસમાં આવી પહોંચ્યા. શ્રી ચન્દ્રપ્રકાશે આધ્યાત્મિક મહિલા મંડળની બહેનો તો બસમાં આવતાં આવતાં પણ ભકિતરસનો લ્હાવો લેતી જ આવી.

મુંબઈથી ભકતોનો પ્રવાહ ચાલુ જ હતો ત્યાં બરાબર આઠ વાગતાં જ બેન્ડ શરુ થયું અને શ્રી થાણા જૈન સંઘના પ્રમુખ શ્રી રૂપચંદજી શાહ તથા શ્રી મેઘજી વીરજી અને અન્ય સભ્યો, રાજસ્થાન જૈન સંઘના સભ્યો, શ્રી સિદ્ધચક્ર જૈન નવયુવક મંડળના સભ્યો તથા મુંબઇથી આવેલ ભાવિક ભકતજનો સાથે પૂ. શ્રીએ શ્રી જૈન મંદિર પ્રતિ પ્રયાણ કર્યું. પૂ. શ્રી પ્રત્યેનો આદર વ્યકત કરતાં થાણા સિવિલ હોસ્પિટલના સર્જન તથા થાણાના એડિશનલ ડી.એસ.પી. શ્રી દેવ પણ હાજર હતા.

પૂ. શ્રીના પ્રવેશમાં કુદરતનો પણ સહકાર હોય તેમ વરસાદ પણ થંભી ગયો અને પ્રકાશ સહુને મળ્યો.

વાજતે ગાજતે શ્રી થાણા જૈન સંઘ પૂ. શ્રીને પોતાને લાવ્યા ત્યારે કોટ સંઘ કે થાણા સંઘ ન રહેતાં માત્ર વીતરાગના અનુયાયીઓ જ રહ્યા. ભકિતનું દર્શન છે ત્યાં વિશાળતાનો અનુભવ છે.

પ્રવચન શરું થતાં પહેલાં જ શ્રી પોપટભાઇએ ટૂંકા સમયમાં આટલો લાંબો પદવિહાર કરીને પૂ. શ્રી થાણા પધાર્યા તે બદલ સંઘવતી આભાર વ્યકત કર્યો.

માંગલિક પ્રવચન આપતાં પૂ. શ્રીએ કહ્યું : જીવનનું ધ્યેય પરમ શાંતિ, સુખ અને આનંદ મેળવવામાં છે. જો જીવનનું સાધ્ય ચૂકાઈ જશે તો આટઆટલા સાધનો હોવા છતાં ફેરો નિષ્ફળ જશે. સ્વની ઓળખથી જ ધર્મનો પ્રારંભ થાય છે. આ માટે પહેલાં પારાની જેમ વિખરાતું, ધજાની જેમ ફરકતું અને માકડાની જેમ કૂદકડા મારતું મન કાબૂમાં લેવાનું છે, ક્યાંક બાંધવાનું છે, સ્થિર કરવાનું છે.

કાંટાનો સ્વભાવ ભોંકવાનો છે, ગુલાબનો સ્વભાવ સુવાસ ફેલાવવાનો છે. પણ તમે તમારી તુચ્છ મનોવૃત્તિમાં મગ્ન રહો. મહાપુણ્યથી મળેલા મનુષ્ય જન્મને મંગળ બનાવવાનું લક્ષ્ય જીવનમાં રાખજો. મનને સુંદર વિચારોથી, વાણીને સુંદર વચનોથી અને કાયાને સુંદર કાર્યોથી અલંકૃત કરી જીવનની સાફલ્યતા અનુભવો.

પ્રવચન બાદ આવેલ ભકતજનોની ભકિતનો લાભ લેતાં મોદકની પ્રભાવના શ્રી જયંતિલાલભાઇએ કરી અને શ્રી સંઘે મુંબઇથી આવેલ ભકતોની સાધર્મિક ભકિત કરી અંતરનો આનંદ અને આહ્લાદ અનુભવ્યો.

થાણાની સાંકડી ગલીઓમાં મોટા મનનું દર્શન થતાં થાણા જાત્રાનું સ્થાન બન્યું છે.

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઈન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે 'કવીન્સ વ્યૂ' ૨૮/૩૦, વાલકેશ્વર મુંબઈ નં. ૬ માંથી પ્રગટ કર્યું છે.